Sucking (સકીંગ) ચુસતા.
Honey (હની) મધ.
Building(બીલ્ડીંગ)બાંધતા.
String (સ્ટ્રીંગ) દોરી. બીટ, કટકો.
Abit (બીટ) કટકો.
After noon (આફ્ટર નુન) બપોર.
Flew down (ફ્લ્યુ ડાઉન) ઉડી આવી.
Window sill (વિન્ડોસીલ) બારીનો ઉમરો.
Winked (વિંકડ) મચમચાવી.
Bright (બ્રાઇટ) ચળકતી.
Dipped(ડીપ્ડ) ઘાલી, ઘોચી, બોળી.
Beak (બીક) ચાંચ.
Flew off(ફ્લ્યુ ઑફ) ઉડયું ઉડી ગયું.
Pink (પીંક)ગુલાબી
Would-dare (વુડ ડેર) હીંમત કરે.
Bold (બોલ્ડ) હિંમતવાન.
A hop (હૉપ) કુદકો.
Wonder (વન્ડર) આશ્ચર્ય.

PHRASES.

[1] Just in side (જસ્ટ ઇન સાઇડ) પાસેજ અંદરની બાજુએ. [2] It was all gone (ઇટ વોઝ ઑલ ગોન) બધી જતી રહી હતી. [3] Without being a bit afraid (વીધાઉ બીઇંગ એ બીટ એફ્રેઇડ)જરા પણ બીહીના વગર.

LESSON 33.

The bird's nest—II (ધી બર્ડસ નેસ્ટ) પક્ષિનો માળો ભાગ ૨ જો.

Strongly (સ્ટ્રૉંગલી)મજબુત
Is tied(ઇઝ ટાઇડ) બાંધેલો છે.
Twigs (ટ્વીગ્ઝ) ડાળીઓ.
Lining (લાઇનીંગ) અસ્તર, પડ.

Sure enough (શુઅર ઈનફે)ખરેખર.
Far out (ફારઆઉટ)ઘણે દુર સુધી
Chance (ચાન્સ) તક.
Hardly (હાર્ડલી)ભાગ્યેજ ક્વચીત.
Would leave(વુડ લીવ) છોડે છે.
May (મે) ઇંગ્રેજી મહિનાનું નામ છે.
Kind (કઈન્ડ) માયાળુ.
Pain (પેઈન) દુઃખ.
Stiffness (સ્ટીફનેસ) અક્કડામણુ, ખાલી.

Grand (ગ્રેન્ડ) મોટો.
Fun (ફન) ગમ્મત.
Awakend (અવેકન્ડ) જાગ્યો.
Chirping(ચર્પીંગ) ચિંચિં, કલકલાટ.
Minute (મીનીટ) પળ, ક્ષણ.
Five (ફાઈવ) પાંચ.
Seven (સેવન) સાત.
Rest (રેસ્ટ) આરામ.
Hungry (હંગ્રી) ભુખ્યા.

PHRASES.

[1] Pull it to Pieces (પુલ ઈટ્ ટુ પીસીસ) તોડી પાડવું. [2] That were coming (ધેટ વેર કમીંગ) જે જન્મવાના હતા. [3]What it all meant (વોટ્ ઈટ્ ઑલ મેન્ટ) એ બધુ શું, એટલે શું. [4] Could hardly wait for me to dress(કુડ હાર્ડલી વેઈટ ફોરમી ટુ ડ્રેસ) મારી કપડા પેહરવાની વાટ ભાગ્યેજ જોઈ. [5] Be quick (બી ક્વીક) ઝટકર. [6] Is off(ઇઝ ઑફ)બાહાર ગઈ છે.

LESSON 34.

The lost letters (ધી લૉસ્ટ લેટર્સ) ખોવાએલા કાગળો.

Shop keeper(શૉપ કીપર) દુકાનદાર.
Trouble (ટ્રબલ) પંચાતી, હરકત.
Were bringing (વેર બ્રીંગીંગ) લાવતા હતા.
Money (મની)પૈસા.

Passed (પાસ્ડ) વહી ગયા, ગયા.
Postman(પોસ્ટમેન) ટપાલવાળો.
Slit (સ્લીટ) ફાંટ, બાકું, કાણું.
Needed (નિડેડ) જોતા હતા, ગરજ પડી.
Strange (સ્ટ્રેઈન્જ) આશ્ચર્યકારક.

Watcher (વૅાચર) તપાસરાખનાર.
Hour (અવર) કલાક.
Clock (કલૅાક) ઘડીઆળ.
Struck (સ્ટ્રક) વાગી.
Hark (હાર્ક) જુઓ, સાંભળો.
Lifted (લીફ્ટેડ) ઉપાડયો.
Carried off (કેરીડ ઑાફ) લઈ ગયો.
Second (સેકન્ડ) બીજીતે.

Third(થર્ડ) ત્રિજો.
Thief (થીફ) ચોર.
Guess (ગેસ) અટકળ બાંધવી.
Next (નેક્સ્ટ) હવે.
Thirty (થરટી) ત્રીસ.
News papers (ન્યુસપેપર્સ) વર્તમાન પત્રો.

PHRASES.

[1] You should get a letter box (યુ શુડ ગેટ્ અ લેટર બૅાક્સ) તમારે ટપાલની પેટી લાવવી જોઇએ. [2] You see (યુ સી) તમે સમજ્યા. [3] What could have become (વૅાટ કુડ હેવ બીકમ) શું થયું હશે. [4] The clock struck twelve (ધ કલૅાક સ્ટ્રક ટવેલ્વ) ઘડીઆળમાં બાર વાગ્યા. [5] The wood was torn up (ધી વુડ વૅાઝ ટોર્ન અપ) પાટીયું ઉખેડી નાખ્યું.

LESSON 35.

Father's paper (ફાધર્સ પેપર) બાપાનું વર્તમાન પત્ર

Work (વર્ક) કામ
Lights(લાઈટ્સ) સળગાવે છે.
The lamp (ધી લૅમ્પ) દિવો.
Little one(લીટ્લ વન) નાહાની છોડી.
Wheels (વીલ્સ) ગબડાવેછે.
Around (અૅરાઉન્ડ) આસપાસ.
Slightest (સ્લાઇટેસ્ટ) જરાપણ
Reads(રીડસ) વાંચે છે.
Knits (નીટ્સ) ગુંથે છે.

Say (સે) કહે છે. કેહવું.
Right (રાઈટ્) ખરેખર.
Next(નેક્સ્ટ) આવતું, બીજું.
Year (ઈયર)વરસ.
To spell (ટુ સ્પેલ) જોડણી કરવાને.
Toast (ટોસ્ટ) રોટલી.
Kiss(કીસ) બચી કરવી. ચુંબન લેવું.
Brow (બ્રો) ભમ્મર
Darling (ડારલીંગ) વાહાલી.
Smile (સ્માઈલ)હસવું.

[1] As soon as (એઝ સુન એઝ) તરતજ.[2] Father's had his tea (ફાધર્સ હેડ હીઝ ટી)બાપે ચા પિધા પછી. [3] This is just the way (ધીસ ઈઝ જસ્ટ ધી વે) આબેહુબ આ પ્રમાણે સાવ. [4] In play (ઈન પ્લે) ખોટું ખોટું રમતમાં. [5] The tea is set(ધી ટી ઈઝ સેટ) ચા તૈયાર થયો છે.[6]The tea is done [ધી ટી ઇઝ ડન) ચા પિયો છે.

LESSON 36.

Hop Over my thumb—I(હૉપ ઓવર માય થમ્બ)મારો અંગુઠો કુદ ભા.૧લો

Wood (વુડ) જંગલ ઝાડી.
Could hide (કુડ હાઈડ)છુપી શકે.
Shoe (શુ) જોડો.
Hop (હૉપ) નામ છે.
Because (બી કૉઝ) કારણ કે.
Dancing (ડેન સીંગ) નાચતો.
Loving (લવ્હીંગ) પ્રેમી માયાળું.
Wise (વાઇઝ) ડાહ્યો.
Age (એઈજ) ઉમર.
Rich (રીચ) શ્રીમંત.
Nobleman (નોબલમેન) સરદાર ઉમરાવ.
To chop (ટુ ચૅાપ)કાપવું લાકડા કાપવા
Sat (સેટ) બેઠો.
Talking (ટાકીંગ) વાત કરતો.
Tomarrow (ટુ મૉરો) આવતી કાલે.
At this (એટ ધીસ) આથી.
Wept (વેપ્ટ) રોઈ.
Brook (બ્રુક) નાળું વેહળો.
Pockets (પોકેટસ) ખીસા.
Stones (સ્ટોન્સ) પથરા.
Dropped (ડ્રૉપ્ડ) નાંખ્યા.
Bear(બેર) સહન કરવું ખમવું.

PHRASES.

[1] Once upon a time there lived (વન્સ અપોન એ ટાઈમ ધેર લીવ્હડ) એક વખતે રેહતો હતો. [2] He was named (હી વૅાઝ નેઈમ્ડ)તેનું નામ પડયું હતું. તેને કેહતા. [3] Very wise for his age (વ્હેરી વાઇઝ ફોર હીઝ એઈજ)ઉમરના પ્રમાણમાં ઘણો ડાહ્યો.[4]Should all have been asleep (શુડ ઑાલ હેવ બીન અસ્લીપ) બધા સુઈ ગયેલા હોવા જોઇએ બધા ઉંઘી ગયા

જુશે. [5] Was wide awake (વોઝ વાઈડ અવેઈક) સાવ જાગૃત હતો. [6] He heard his father say (હી હર્ડ હીઝ ફાધર સે) તેણે બાપને કેહતા સાંભળ્યો. બોલતા સાંભળ્યો. [7] Things were so bad (થીંગ્ઝ વેર સો બેડ) વખત બહુ બારીક હતો.[8] He could no longer get bread(હી કુડ નો લૉંગર ગેટ બ્રેડ) મારાથી (તેનાથી) હવે પુરૂ કરી શકાશે નહી, મારાથી હવે ગુજરાન કરી શકાવવાનું નથી. [9] There is no help for it (ધેર ઈઝ નો હેલ્પ ફોર ઈટ) તેનો કાંઈ ઉપાય નથી.[10] I could not bear to see them starving at home (આય કુડ નોટ બેર ટુ સી ધેમ સ્ટારવીંગ એટ હોમ) મારાથી તેમને ઘેર ભુખે મરતા જોઈ શકાશે નહીં. [11] Crept into bed (ક્રેપ્ટ ઈન્ટુ બેડ) પથારીમાં સુઈ ગયો. [12] Called out (કોલ્ડ આઉટ) બોલાવ્યા. [13] Come along(કમ એલૉંગ) આવો ચાલો. [14] We must set to work (વુઈ મસ્ટ સેટ ટુ વર્ક) આપણે કામ કરવા જવું જોઇએ.

LESSON 37.

Hop O'my thumb—II (હૉપ ઓવર માય થમ્બ) માંરાય ગુઠો કુદ ભાગ ૨ જો.

Bread crumbs (બ્રેડ ક્રમ્સ) રોટલીના કટકા.
To lead (લીડ) દોરવાને, લઈ જવાને
Brave (બ્રેઈવ) શુરો, બહાદુર.
Climbed (કલાઈમ્બ્ડ) ચડયો.
Castle (કેસ્સલ) કિલ્લો.
Knocked at (નોકડ એટ) ઠોક્યું.
Knocker (નોકર)ઉલ્હાળો.
Too high (ટુ હાઇ)ઘણો ઉંચો.
To reach (ટુ રીચ) પોહોચવાને.
Shelter (શેલ્ટર) આશ્રય.
Shook (શુક) ધ્રુણાવ્યું.

Husband (હસ્બન્ડ) ધણી, વર.
Cruel (ક્રુઅલ) ઘાતકી.
Giant (જાયન્ટ) રાક્ષસ.
Ma'am (મેમ) બાઈ સાહેબ.
Feltsorry (ફેલ્ટ સોરી) દયા ઉપજી
Noise(નોઈઝ) અવાજ ગડબડ.
Nosooner (નો સુનર) તરતજ.
Supper(સપર) વાળુ.
Rosted (રોસ્ટેડ) ભાફ્યું.
Sniffing (સ્નીફીંગ) વાસ લેતા.
Roard out(રોર્ડ આઉટ) બોલ્યો.
Smell (સ્મેલ) વાસ આવવી.

Meat (મીટ) માંસ.
Aha (આહ) વાહ.
Bending (બેન્ડીંગ) વળીને.
Down (ડાઉન) નીચે.

Titbit (ટીટ બીટ) ખાવાનો નહાનો સરખો કોઈ પણ પદાર્થ.
To pop (પોપ) ઝટ મુકવું સપાટામાં મુકવું.
Pie (પાઈ) સાંમાસી ભજીઆ.

PHRASES.

[1] Around about way (એરાઉન્ડ એબાઉટ વે) આડે રસ્તે. [2] On getting there(ઑન ગેટીંગ ધેર) ત્યાં પોહોચ્યા પછી.[3]Eat you all up (ઈટ યુ ઑલ અપ) તમને બધાને ખાઇ જશે. [4] Here he comes (હીઅર હી કમ્સ) એ તે આવ્યો. પેલો આવ્યો તે. [5] Quick all of you(ક્વીક ઑલ ઑફ યુ) તમે બધા ઝટ કરો [6] To be sure (ટુબી શુઅર) ખરેખર. [7] There now (ધેર નાઉ) તેયું, લ્યો થયુ.

LESSON 38.

Hop O'my thumb—III (હોપ ઓવર માય થમ્બ) મારો અંગુઠો કુદ ભાગ. ૩ જો.

Marrow (મૅરો) આવતી કાલ.
Happen (હેપન) બનવું વિતવું.
Fearful (ફીયર ફુલ) ભયંકર.
Place(પ્લેઈસ) જગા.
Snore (સ્નોર) નસકોરા.
Chance (ચાન્સ) વારોતક.
Brightly (બ્રાઈટલી) તેજથી.
Byturns (બાયટર્ન્સ) વારા ફરતી.
Awoke (અવોક) જાગ્યો.
Smacking (સ્મેકીંગ) હોઠ ચાટવા. મ્હોંએ પાણી છુટવું.

Lips(લીપ્સ હોઠ.
Afile (ફાઇલ) કાનસ.
Sharpened (શારપન્ડ)તિક્ષણ કર્યા.
Rage (રેઈજ) ગુસ્સો.
Rascals (રાસ્કલ્સ) ગધેડા મૂર્ખા.
Magic (મેજીક) જાદુ.
Wouldfit (વુડ ફીટ) બંદબેસે.
Foot (ફુટ)પગ.
Race-horse (રેઈસ હૉર્સ) સરતનો ઘોડો.
Afairy (ફેઅરી) પરી.

Turned (ટર્ન્ડ) ફર્યા.
Breathing (બ્રીધીંગ) શ્વાસ.
Spied (સ્પાઈડ) દેખી.
Acave (કેવિઝ) ગુફા.
Sight (સાઈટ) નજર.
Runaway (રનઅવે) નાઠેલું.
Skipped (સ્કીપ્ડ)છલંગ મારી.
Strides (સ્ટ્રાઈડસ) પગલા.

PHRASES.

[1] How could they sleep (હાઉ કુડ ધે સ્લીપ) તેઓ કેવી રીતે ઉંઘે [2] When they thought of the morrow (વેન ધે થોટ આફ ધી મોરો) બીજા દિવસનો વિચાર કરતાં. [3] What might happen to them(વોટ માઈટ હેપન ટુ ધેમ) (પોતાનું) તેમનું શું થશે. [4] Bring me(બ્રીંગ મી)મને લાવી આપ. [5] With this on (વુઈથ ધીસ ઑાન) આપે હરીને. [6] Fast making up on the boys (ફાસ્ટ મેકીંગઅપોન ધી બૉયઝ) છોકરાઓને સપાટાથી કડી પાડતો હતો. [7] Had just time (હેડ જસ્ટ ટાઈમ) તૈયારીમા હતો. સાવ જતી હતી. [8] Up came the giant (અપ કેઈમ ધી જાયન્ટ) રાક્ષસ. આવી પોહોચ્યો. [9] Run for your lives (રન ફોર યુઅર લાઈવ્ઝ) જીવ લઈ નાસો.

LFSSON 39.

Hop o'my thumb—IV (હોપ ઑવર માય થમ્બ) મારોઅંગુઠો કુદ ભાગ ૪ થો.

Chase (ચેઈઝ) પાછળ પડવું.
Slipped (સ્લીપ્ડ) લપસ્યો.
Rock (રોક) ખડક.
Neck (નેક) ગળું ડોક.
Died (ડાઈડ) મરી ગયો.
Skips (સ્કીપ્સ) છલંગો, કુદકા.
Baked (બેકડ) શેકાયા
Rushed in(રશ્ડ ઇન)અંદર આવ્યા પેઠા.
To kill (ટુ કીલ) મારી નાંખવાને.
Plan (પ્લેન) યુક્તિ.

Ready (રેડી) તૈયાર
Kings (કીંગ્ઝ) રાજાઓ.
Palace (પેલેસ) રાજમેહેલ.
Minuites (મીનીટસ) પળ ક્ષણ.
Servants (સરવન્ટસ) નોકરો.
Questions (ક્વેશ્ચન્સ) પ્રશ્નો.
Low(લો) નીચી.
Bow (બાઉ) સલામ.
His majesty (હીઝ મેજેસ્ટી) ખુદાવીંદ.
Orders (ઑારડર્સ) હુકમો.
Land (લેન્ડ) દેશ.
Spoke (સ્પોક) બોલ્યો.
Size (સાઈઝ) કદ.

Count Abbey (કાઉન્ટ એબી) ખીતાબ છે.
Alive (એલાઇવ) જીવતો.
Sent off (સેન્ટ ઑાફ) મોકલ્યો.
Lady (લેડી) સ્ત્રી.
Showed (શોડ) બતાવી.
Kindness (કાઈન્ડ નેસ) મેહેરબાની.
Officer (ઑાફીસર) અમલદાર
Chief (ચીફ) મુખ્ય.
Page (પેઈજ) હજુરી ખીજમત ગાર.
Parents(પેરન્ટસ) માબાપ.
Ended (એન્ડેડ) ગુજર્યો.
Comfort(કમ્ફર્ટ) આરામ.

PHRASES.

[1] Gave chase (ગેઈવચેઝ)પુંઠ પકડી પાછળ પડયો. [2]Kept a head of him (કેપ્ટ એ હેડ ઑાફ હીમ) તેની આગળજ રહ્યો. [3] Was hurrying on (વોઝ હરીંગ ઑાન) દોડયાજ કરતો હતો. [4] Nearly baked in a pie (નીઅરલી બેકડ ઇન એપાઈ) સામો સાબનવાની તેયારીમાં હતા. [5] Cries of joy (ક્રાઇઝ ઑાફ જોય) આનંદ ઘોષે. [6] Thought him a great wonder (થોટ હીમ એ ગ્રેટ વન્ડર) તે અદ્ભુત લાગ્યો, તેના વિષે નવાઈ લાગી.

LESSON 40.

Little sailors (લીટલ સેઈલર્સ) નાહાના ખલાસીઓ.

Sailors (સેઇલર્સ) ખલાશીઓ.
Harry (હેરી) નામ છે.
Fanny (ફેની) છોકરીનું નામ છે.

Shawl (શોલ) શાલ
Were (વેર) હુઇઆર આપણે છીએ.
Asquall (સ્કવોલ) તુફાન.

A light house (લાઈટ હાઉસ) દિવાદાંડી.
To warn (ટુ વૉર્ન) ચેતવવાને.
Shore (શોર) કિનારો.
The stern (ધી સ્ટર્ન) વાહાણનો છેવટના ભાગ.
The bow (બો) વાહાણનોકમાનદાર ભાગ.
Hard (હાર્ડ) જોરથી.
Sail (સેઈલ) સઢ.
Tuck (ટક) બાંધવું.
Corners (કારનર્સ) ખુણા.
Tighter (ટાઈટર) વધારે તંગ.
Pin (પીન) ટાંચણી.
Ocean blue (ઓશનબ્લ્યુ) એ નામનું ગીત.
Bybaby (બાયબેબી) ,, ,,
Careless (કેરલેસ) બેદરકારી.
Building blocks (બીલ્ડીંગ બ્લોકસ) ઘર બાંધવાના ચોરસલા.

PHRASES

[1] To warn us off the shore (ટુ વોર્ન અસ ઓફ ધી શોર) કિનારા પરથી આપણને ચેતવવાને. [2] Well never mind (વેલ નેવર માઈન્ડ) ઠીક કાંઈ ફીકર નહીં. [3] Will do (વુઈલ ડુ) ચાલશે. [4] What you are about (વોટ યુ આર અબાઉટ) તમે શું કરોછો કરવાનાછો તે. [5] There now you have gone and done it (ધેર નાઉ યુ હેવ ગોન એન્ડડન ઈટ) જોયું તું પડયા થયું. [6] How it would be (હાઉ ઈટ વુડબી) શું થશે તે. [7] We wont play at sailors [વુઈ વોન્ટ પ્લે એટ સેઈલર્સ)આપણે ખલાશીઆ ખલાશીઆમાં રમીશું નહીં.

POETRY.

કવિતા.

Lost three little birdies (લોસ્ટ થ્રી લીટલ બરડીઝ) ખોવાએલા ત્રણ નાહાના બચ્ચા.

Jacket (જેકેટ) અંગરખું, કબજો.
Gray (ગ્રે) ભુરૂ.
To day (ટુડે) આજ.
Took (ટુક) લઈ ગયો.
Dearest (ડીઅરેસ્ટ) સૌથી પ્રિય.
Best (બેસ્ટ) ઉતમ.
Butterfly (બટરફલાય) પતંગીયું.
Moment (મોમેન્ટ) પળ. ક્ષણ.

Such (સચ) એવો, એવી.
Eyes (આઈઝ) આંખો.
Small (સ્મોલ) નાહાનો.
Wicked (વીકેડ) પાપી.
To forget(ટુ ફરગેટ) ભુલવાને.
Merriest(મેરીઅસ્ટ) સૌથી આનંદી.
Forgive (ફરગીવ) માફ કરવું.
Wrong(રોંગ) અપરાધ. વાક.

PHRASES.

[1] In hisjacket of gray(ઈન હીઝ જેકેટ ઑફ ગ્રે) કાબરચિત્રા અંગરખાવાળી. [2] They hardly were dressed (ધે હાર્ડલી વેર ડ્રેસ્ટ) તેઓ એ પુરા કપડા પણ પેહર્યા નહોતા. [3] Just not very wise (જસ્ટ નોટ વેરી વાઈઝ) માત્ર બહુ ડાહ્યા નથી [4] All day long(ઑલ ડે લૉંગ) આખો દિવસ.

LESSON 2.

I wonder (આઇ વન્ડર) મને આશ્ચર્ય લાગે છે.

Pout (પાઉટ) મ્હોં ચડાવવું.
Glee (ગ્લી) આનંદી.
Roses (રોઝીઝ) ગુલાબી રંગ.
Cheeks(ચીકસ) ગાલ.
Dimples (ડીમ્પલસ)ગાલના ખાડા.
Slumber (સ્લમ્બર) ઉંઘ.
Laughs (લાફ્સ) હસે છે.
Grand mother (ગ્રેન્ડ મધર) દાદી, વડીઆઈ.

Nose (નોઝ) નાક.
Rosy (રોઝી) ગુલાબી.
Toes (ટોઝ) પગના આંગળા.
Baby talk (બેબીટોક) બાળ ભાષા.
Coos (કુઝ) બુમ પાડે છે, છોકરાઓ બોલવાની પ્રયત્ન કરતા જેવો અવાજ કરેછે તે
New (ન્યુ) નવા.
Sleepy (સ્લીપી) ઉંઘણસી.

PHRASES.

[1] That brings the roses(ધેટ બ્રીંગ્ઝ ધી રોઝીઝ)જેથી ગુલાબી થાય છે. [2] Grows up (ગ્રોઝ અપ) મોટી થાય છે. [3] Most of all (મોસ્ટ ઑફ ઑલ) સૌથી વધારે.

LESSON 3.

A rhyme for little folks (એ રાઈમ ફૉર લીટલ ફોક્સ) છોકરાઓનું ગીત.

Smelled (સ્મેલ્ડ) વાસ આવી.
Surely (શુઅરલી) ખરેખર.
Patter (પેટર) જવું ઉપડવું.
Shelf (શેલ્ફ) છાજલી.
Cake (કેક) રોટલી.
Frosted(ફ્રોસ્ટેડ) ઠારેલી.
Fair (ફેર) સુંદર.
Mouth (માઉથ) મ્હોં.
Taste (ટેસ્ટ) સ્વાદ.
Spice (સ્પાઈસ) મસાલો.
Fig (ફીગ) અંજીર.
Dig (ડીગ)ખોદવું, ખોતરવું.
Cuddling (કડલીંગ) વાળ સમા કરીને.
Cosily (કોઝીલી) લાડથી.

PHRASES.

[1] Grew round (ગ્રુ રાઉન્ડ) વિકાસ્યું, પોહોળું થયું, ઉઘડયું. [2] But the little bit of mouse was me (બટ્ ધી લીટલ બીટ્ ઑફ માઉસ વૉઝ મી) પણ તે નાહાનો ઉંદર હું હતો.

LESSON 4.

Nell and the bird(નેલ એન્ડ ધી બર્ડ) નેલ અને પક્ષિ

Fly (ફ્લાય) ઉડવું.
Sky (સ્કાય) આકાશ
Hurt (હર્ટ) ઈજા થવું, જખમી.
Shake (શેઈક) હલાવવું ધુણાવવું.
Quickly (ક્વીકલી) સપટાથી.
Gladly(ગ્લેડલી) આનંદથી.

PHRASES.

[1] Sends them her love (સેન્ડ્ઝ ધેમ હર લવ)તેમને પોતાની સલામ કહી છે.

LESSON 5.

The shining web(ધી શાયનીંગ વેબ) ચળકતી જાળ.

Spider (સ્પાઇડર) કરોળીઓ.
Web (વેબ) કરોળીઆની જાળ.
Scarce (સ્કેર્સ) કવચિત.
Slender (સ્લેન્ડર) નાજુક.
Round about (રાઉન્ડએ બાઉટ્) ગોળ ગોળ.
Spun (સ્પન્) વણી.
Hanging (હેંગીંગ) લટકતી.
Danced(ડેન્સ્ડ)નાચી કુદી.
Darted (ડારટેડ) ઉડી.
Glanced (ગ્લેન્સ્ડ) નંજર ફેંકી.
Sup (સપ) વાળુ જમણ.
Flitted ફ્લીટેડ) ઉડી ગઈ.
Flapped (ફ્લેપ્ડ) પાંખો ફફડાવી
Circles (સરકલ્સ્) વર્તુલ.

LFSSON 6.

Freddie and the cherries (ફ્રેડી અને ધી ચેરીઝ) ફ્રેડી અને બોર.

Ripe (રાઈપ)પાકેલા પકવ
Dangled (ડેન્ગલ્ડ) વટક્યું.
Master (માસ્ટર) શેઠ.
Tickled (ટીકલ્ડ) અલડાયું.
Boldly (બોલ્ડ્લી) હિંમતથી

PHRASES.

[1] Grown up (ગ્રોન અપ) મોટો. [2] All right (ઓલરાઈટ્) ઠીક ઠીક છે. ફીકર નહીં.

LESSON 7.

A little boy (એ લીટ્લ બોય) નાહાનો છોકરો.

Sweetest(સ્વીટેસ્ટ્) સૌથી ગળ્યું.
A journey (જરની) મુશાફરી.
Skies (સ્કાઈઝ) આકાશ.
Cream (ક્રીમ) મલાઈ.
Gnaw (નૉ) કરડી કરડીને ખાવું.
Tabby (ટબી) મીની બિલાડી.
Four (ફોર) ચાર.
Older (ઓલ્ડર) મોટા.

RHRASES.

[1] But then I am only four(બટ ધેન આય એમ ઓનલી ફોર) પણ ત્યારે તો હું ફક્ત ચાર વર્ષનો હઈશ, થઈશ.

LETSON 8.

Do you best (ડુ યુ બેસ્ટ) થાય તેટલું કરો.

Wisest (વાઇઝેસ્ટ)સૌથી વધારે ડાહ્યો
Whatever (વાટેવ્હર) જે જે.
Good will (ગુડવીલ) સારી દાનત.
Golden rule (ગોલ્ડન રૂલ) સોનેરી નિયમ. ઉત્તમ નિયમ.
Yield (ઇલ્ડ) થવું તાબે થવું.
Sorrow (સોરો) દિલગીરી.
Tasks (ટાસ્કસ) કામો.
Light (લાઇટ) હલકુ સેહલું.

PHRASES.

[1] You need not sorry (યુ નીડ નૉટ્ સોરી) તમારે દિલગીર થવું નહી.

LESSON 9.

Good night and good morning (ગુડનાઈટ્ એન્ડ્ ગુડમૉર્નીંગ) સવારનીને સાંજની સલામ.

Sewing (સોઇંગ) શિવતા, શીવીને.
Folded (ફોલ્ડેડ)વાળ્યું , ઘડીવાળી.
Right (રાઇટ્) બરોબર, સમી રીતે
Number (નમ્બર) કેટલાક સંખ્યા બંધ.
Rooks(રૂકસ) કાગડા.
Caw (કૉ) કાકાકાકા કરવું.
Curious (કયુરીઅસ) વિચીત્ર.
Flight (ફ્લાઈટ્) ઉડવું
Neighed(નેઈડ) ખોંખાર્યો.
Oxen (ઓકસન) બળદો.
Lowed (લોડ) આરડયા.
Bleat (બ્લીટ) બેં બેં કરવું.
Delight (ડીલાઈટ) ખુશી.
Tall (ટાલ) ઉચા.
Fox-glove(ફોકસગ્લોવ) એક જાતની વનસ્પતી છે.
Bent (બેન્ટ) વળેલી.
Violets (વાયોલેટસ) અસ્માની રંગવાળા ફુલનું ઝાડ.

Bowed (બાઉડ) સલામ કીધી.
Hair (હેઅર) વાળ.
Favourite (ફેવરીટ) પ્રિય..

Prayor (પ્રેયર) સ્તુતી.
Pink (પીન્ક)ભપકાદાર ખુલો રાતો રંગ

PHRASES.

[1] Smoothed her work (સ્મુધડ્ હર વર્ક) પોતાનું કામ સમુ કર્યું[2] On their way to bed (ઑન ધેર વે ટુ બેડ) સુવા જતાં: માળામાં જતા.[3] On her knees (ઑન હરનીઝ) ઘુંટણીએ પડીને.

LESSON 10.

The two little kittens (ધી ટુ લીટલ કીટન્સ) બે નાહાની બિલાડીઓ.

Kittens (કીટન્સ) બિલાડીઓ.
Quarrel (કેવારલ) વડવાડ.
Strife (સ્ટ્રાઇફ) તકરાર, વઢવાડ.
Bigger (બીગર) મોટી.
Elder one(એલ્ડર વન)મોટી.

Frost (ફ્રોસ્ટ્) હિમ, દવ.
Mat (મેટ્) સાદડી.
Finished (ફીનીસ્ડ્) પુરૂ થયું.
Ice (આઇસ) બરફ.

PHRASES.

[1] That was the way (ધેટ્ વોઝ ધીવે)એ પ્રમાણે, આવી રીતે.

ધી.

રોયલ ક્રાઉન રીડર્સ નં. ૧ નો

તરજુમો.

પાઠ ૧ લો.

૧. દરિઆ કિનારા નજીક આવેલા એક સુંદર ઝુપડામાં ત્રણ નાહાના છોકરાઓ રહેતા હતા. તેઓના નામો લ્યુસી હેરી અને ફ્રેડહોપ હતા.

૨. ઝુપડીથી અધગઉ ઉપરાંત સુધી ધોળી રેતીનો પટ હતો. તેને રેતીનો પટ કહેતા.

૩. છોકરાઓ પોતાના મા ને બાપ સાથે વારંવાર ત્યાં જતા હતા. તેઓને ચોખું પાણી ખુંદવું ગમતું (ને) કિનારા પાસે પાણી ઊંડું નહોતું એટલે કાંઈ જોખમકારક નહોતું.

૪. એક દિવસે છોકરાઓ પોતાના બાપ સાથે રેતીના પટ ઉપર રમવા ગયા. તેઓનો ઝુનો નામનો મોટો કુત્રો તેમની સાથે હતો.

૫. તેઓએ એક નાહાના છોકરાને નાવડામાં બેસી ફરતો જોયો. તે કિનારાથી દુર હતો.

૬. છોકરાઓ રેતીમાં ઘરો બનાવવાની રમત રમતા હતા. એટલામાં તેઓએ એક મોટી બુમ ને ધડાકો સાંભળ્યો. તે છોકરો હોડીમાંથી ઉંડા પાણીમાં પડ્યો હતો.

૭. હોડીમાં તેને મદદ કરનાર બીજું કોઈ નહોતું. ને બીજી હોડી પાસે નહોતી. હોપે તે અકસ્માત જોયો ને ઝુનોને હાંક મારી.

૮. તે કુદતો કુદતો તેની પાસે આવ્યો. હોપે પાણીમાંના નાહાના છોકરાને આંગળીથી બતાવ્યો. તેણે કૂત્રાને કહ્યું ભાઈ તેને કાઢી લાવ ઝટ કર.

૯. બ્રુનોએ પોતાના ધણીની શી ઇચ્છા હતી તે જાણ્યું. પાણીમાં ધસીને તે છોકરા તરફ તરતો તરતો ચાલ્યો, અને તેને અંગરખાથી પકડ્યો. પછી તે નાહાના છોકરાને સહીસલામત લઈ કિનારે પાછો આવ્યો.

૧૦. બ્રુના વિશે, છોકરાઓ કેટલાં બધાં મગરૂર હતા. તે દિનસથી તેઓ તેની ખાતર બધાં કૂત્રાઓ સાથે મમતાથી વરતવા લાગ્યા.

પાઠ ૨ જો.

૧. એક દિવસે નેલ ને કેટ નામની બે બેહનો જ્યારે (પોતાને) ઘેર આવી ત્યારે તેઓને પોતાના ઘરના દરવાજા પાસે એક ગરિબડી નાહાની સરખી બીલાડી મળી આવી.

૨. તે પલળેલી ને તાઢથી ઘણી ઠરી ગઈ હતી, અને તેના પંજા ઘણા ગંદા થઈ ગયા હતા કારણકે તે દિવસે વરસાદ હતો. છોકરીઓ તેને ઘરમાં શઘડી (ચુલા) પાસે લઈ ગઈ ને તેને થોડુંક દુધ પાયું (આપ્યું.)

૩. તે દિવસથી બીલાડી તેમની પાસે રહેતી. તેઓ તેને ગૌરપગી કેહતા કારણકે તેના ચારે પંજા ધોળા હતા.

૪. મીની મીની ગૌરપગી.
વરસાદ ને કિચડથી ગંદી થએલી ને તાઢથી થથરતી ને ગલીમાં રખડતી.

૫. મીની મીની ગૌરપગી.
ભુખી ને એકલી (એવી તું તેને),
છોકરીઓની રમવાની કોટડીમાં
સુખેથી રહેવા જગા મળી.

૬. મીની મીની ગૌરપગી.
ભુરા ને કાળા ટપકાવાળી,
જ્યારે તે ઘરડા કારલોને જુએ છે
ત્યારે કેવી ચંપાય છે!

૭. મીની મીની ગૌરપગી,
રેશમ જેવા સુંવાળા રૂવાવાળી;
તેને આળોટતી ને કુદતી જુઓ,
અને લપલપ દુધ પીતી જુઓ.

પાઠ ૩ જો.

૧. એક વખતે એક ગામમાં એક ધોળું હંસ હતું. તેને ત્રણ સુંદર નાહાના બચ્ચાં હતાં. આ ઘણા આળસુ હતા.

૨. તેઓ પોતાનો ખોરાક ચુંટી લેવાને કે પોતાની મેળે તરવાને પ્રયત્ન કરતા નહીં. તેઓ પોતાની માની ચાંચમાંથી ખાવામાં ને તેની પિઠપર બેસી ફરવામાં ઘણી મજા છે એમ માનતા.

૩. તેમની માને તેમને ખવરાવવાને ને તેમને આમ તેમ લઇ જવાને ગમતું, પણ તે જાણતી હતી કે તેમને તેમનો ખોરાક શોધતાં ને આમ તેમ તરતાં શિખવવું જોઇએ.

૪. જ્યારે તે તેમને આ વિષે કહેતી ત્યારે તેઓ અમે આવતાં અઠવાડીઆમાં (શિખવાનું) શરૂ કરીશું એમ કહેતા. તેમાંના એકે પોતાનું બોલેલું પાળ્યું. તે તરવા લાગી ને પોતાને માટે પોતાનો ખોરાક શોધવા લાગી. પણ બીજીઓતો હજી સુધી પણ પોતાની માની પિઠ ઉપરજ બેસી રહેતી.

૫. એ દિવસે હંસણી ઝરામાં ફરતી હતી ને નાહાના બચ્ચાઓ તેની પિઠપર બેઠેલા હતા. (એટલામાં) એકદમ માએ ઉંધે માથે (પાણીમાં) ડુબકી મારી ને નાહાના આળસુ બચ્ચાઓને પાડી નાંખ્યા.

૬. પછી તે ઉપર આવીને જેમ બન્યું તેમ ઝપાટામાં તરતી તરતી બરૂઓમાં પેઠી. ત્યાં તે આખી રાત રહી. (આમ) એકલા પડવાથી નાહાના

હંસોને તરવું પડ્યું. (ને) સવાર થતાં સુધીમાં તો તેઓ બધા પોતાનો (તરવાનો) પાઠ શિખ્યા.

પાઠ ૪ થો.

૧. આજે ઘણો સખત તાપ પડ્યો છે. ચાલો આપણે છાયાવાળી ઝાડીમાં જઇએ, ત્યાં આગળ આપણા માથા ઉપર ઝાડોની એટલીતો ઘટા હોય છે કે (ત્યાં) સૂર્યનો તાપ આપણને લાગતો નથી.

૨. કેવી મજા ને થંડક છે? હમેશા ઝાડ ઉપર કેટલાંબધાં પક્ષિઓ રહે છે. તેઓ લીલા પાંતરા નીચે આરામ લેતા હોય છે. ચાલો આપણે ધીમે ધીમે ચાલીએ અને આપણે કેટલાંક જોઇએ.

૩. જુઓ ત્યાં પેલુ કાળુ પક્ષિ. હું તેને તેની લાંબી પાંખોથી ઓળખું છું, અને આ અહીં એક ચકલી આમ તેમ કુદી રહી છે. તે કેવું હિમતવાન નાહાનું પ્રાણી છે!

૪. અરે તમે પેલું ફળ પડતાં જોયું? તે ઝાડપર ખીસકોલી છે. તે ઠેકાણે હું તેની શુભ્છાદાર પુછડી જોઉં છું! તેણે આપણને જોયા. તે નાઠી. હવે તે બીજા ઝાડપર ગઈ. તે કયાં ગઈ?

૫. ચાલો આપણે ઝાડીમાં જરા આગળ જઇએ મને લાગે છે કે ઝરાનો અવાજ સંભળાય છે. હા ટેકરીની તલેટીએ એ પેલો રહ્યો.

૬. પાણી કેવું સ્વચ્છ છે! તમને તળેના પથરાઓ જણાશે.

૭. અરે પેલું શું છે? તેતો નાહાનો લીલો દેડકો છે- બીહતા નહીં. તે તમને કરડશે નહી. કારણકે તેને દાંત હોતા નથી. કેવડો મોટો કુદકો. તે ઉંડા ઝરાની તળીએ ગયો. દેડકાજી આવજો રામ રામ.

૮. હવે જમવાનો વખત થયો હશે. ચાલો આપણે ઘેર માને માટે આમાંના કેટલાંક સુંદર ફુલો લઈ જઇએ.

પાઠ ૫ મો.

૧. (એક ગામમાં) બે છોકરાઓ છે. જેઓ એકજ નિશાળમાં જાય છે ને એકજ વર્ગમાં છે. તેમાંનો એક આળસુ જોન્અ કહેવાય છે. ને બીજો સુખી જૉન કહેવાય છે. થોડીજ વારમાં આપણે જાણીશું કે આમ કેમ ?

૨. જોન્અ સવારમાં ઘણો મોડો ઉઠે છે. તે ધીમે ધીમે કપડાં પહેરે છે ને તેને મ્હોં ધોવાને કે પોતાના વાળ ઓળવાને કવચીતજ વખત મળે છે.

૩. તે ગોકળ ગાયની પેઠે ધીમે ધીમે નિશાળે જાય છે અને વારંવાર મોડો થાય છે. તે કદી પોતાનો પાઠ કરતો નથી તેથી કરીને હમેશા વર્ગમાં છેલ્લો રહે છે.

૪. ઘેર માને મદદ કરવાને તેને વખત મળતો નથી. જ્યારે તે તેને કાંઈ કામે મોકલે છે (સંદેશો કહેવા મોકલે છે) ત્યારે તેને પાછા આવતા એટલીબધી વાર થાય છે કે તે એમ માને છે કે તે રસ્તો ભુલ્યો હશે.

૫. જો તેને ક્યાં ગોતવો એ તે જાણે તો પોતાનો આળસુ છોકરો પોતાનો વખત કેવી રીતે ગુમાવે છે તે તે જુએ.

૬. તે તેને વારંવાર પોતા જેવાજ આળસુ છોકરાઓ સાથે લખોટીઓ રમતાં કે એવીજ બીજી કોઇ રમતમાં પોતાનો વખત ગુમાવતાં જોત.

૭. આળસુ છોકરો મોટપણે પણ આળસુજ રહે છે. જો જોન્અ પોતાની ટેવ નહીં સુધારે તો જ્યારે તે મોટો થશે ત્યારે તેને માલમ પડશે કે આ ઉદ્યોગી દુનિઆમાં પોતાને (ક્યાંઈ) ઠામ નથી.

પાઠ ૬ ઠો.

૧. હવે ચાલો આપણે બીજા છોકરા વિષે સાંભળીએ. તેનું નામ જૉનસેન્ડ છે. પણ તે હમેશા એટલો બધો ચાલાક ને સુખી રહે છે કે તેને (તેથી) સુખી જૉન કહે છે.

૨. જૉનને સવારના પોહોરમાં (ઘણે) દુર નિશાળે જવું પડે છે. તો પણ તે કદી મોડો થતો નથી કે (અને) ગેરહાજર રહેતો નથી.

૩. ઉન્હાળામાં કે જે વખતે (જ્યારે) ઝાડો લીલાં હોય છે ને પક્ષિઓ ગાતાં હોયં છે તે વખતે જૉનને ઝાડીમાં થઇને જવાનો સુંદર વ્યાયામ (કસરત) થાય છે.

૪. તે પક્ષિઓના નામો શિખ્યો છે. તેને તે વિષેનાં ગીતો આવડે છે ને તેઓના માળા ક્યાં હોય છે તે તે જાણે છે.

૫. કોઈ કોઈવાર તે પોતાના રસ્તો છોડી સુંદર નાહાના ઇંડાઓ તરફ ડોકીયું કરવા જાય છે, પણ તેમાંના એકને પણ કદી અડતો નથી.

૬. હીમ ને બરફવાળો જ્યારે શિઆળો આવે છે ત્યારે તે પોતાના ઞીટન્સ (આંગળા વિનાકા હાથના મોજા) ને જાડા બુટ પહેરે છે ને પછી હમેશની માફક આનંદથી નિશાળે દોડ્યો જાય છે.

૭. તેને વારંવાર ગામડામાં કામકાજ કરવું પડે છે. જુઓ તે ખોરાક ચા ને ખાંડથી ભરેલી ટોપલી કેવી રીતે લઇ આવે છે.

૮. જૉનને પોતાનું કામ કરવાને ને પોતાનો પાઠ કરવાને વખત મળે છે. જ્યારે તે કામમાં હોય છે ને જેટલો આનંદી (સુખી) દેખાય છે તેટલો બીજી કોઇવાર દેખાતો નથી.

જૉનસેન્ડ આળસુ જોઅ જેવો જરા પણ નથી. સમજ્યા તમને એ બેમાંથી કોણ થવું ગમે છે.

પાઠ ૭ મો.

એક વખતે એક ઠેકાણે બરફ કરતાં પણ ધોળી નાહાની સરખી બીલાડી હતી. કોઠારમાં તે કુદીને ગેલ કરતી હતી. ઘણા દિવસ પહેલા.

તે કોઠારમાં એક નાહાની ઉંદરડી આમ તેમ દોડ્યા કરતી હતી કારણકે તેણે મીનીનાં પગલાં સાંભળ્યાં હતાં. ઘણા દિવસ પહેલા.

નાહાની બીલાડી લાઇ જેવા નરમ ચાર પંજા હતા તેનાથી તેણે તે ઉંદરડી ઝાલી. ઘણા દિવસ પહેલા.

નાહાની બીલાડીને નવ દાંત એક હારમાં હતા તે ઉંદરડીને બેઠા. ઘણા દિવસ પહેલા.

જ્યારે ઊંદરડાને દાંત બેઠા ત્યારે નાહાની ઊંદરડીએ ઓયઓયરે કર્યું પણ તે લાંબો વખત થયા પહેલા બીલાડીના સપાટામાંથી છુટી ગઇ.

પાઠ ૮ મો.

૧. તમે કદી ઘેટાના ટોળાને ખેતરોમાં ચરતું જોયું છે ? તેઓ એક બીજાથી કદી બહુ છેટા પડતાં નથી, જો તેમને કૂત્રું ભસે તો તેઓ બધા એક બીજાને અથડાતાં સાથે દોડે છે.

૨. ઊંચે ચડવામાં ઘેટાં બહુ હુશિયાર (સારાં) હોય છે. ડુંગરી ઉપર ઘણે ઉંચે આપણે તેઓને ચરતાં વારંવાર જોઇએ છીએ.

૩. મે મહિનામાં ઘેટાંના નાહાના ધોળા બચ્ચાઓને પોતાની મા પાસે બેઠેલાં જોવાની બહુ મજા પડે છે. તેઓ આખો દિવસ રમે છે ને આમતેમ કુદે છે.

૪. ઉન્હાળામાં જ્યારે સખત તાપ પડે છે ત્યારે તેઓનું ઉન કાપી

લેવામાં આવે છે (તેઓને પોતાના ભારે ઉનના ડગલાઓ કપાવવા પડે છે) તે વખતે ભરવાડો કામમાં ઘણા ગુંથાએલાં હોય છે.

૫. ભરવાડો (તેઓ) પોતાના કુત્રાની મદદથી પોતાના બધા ઘેટાંઓને વાડામાં એકઠા કરે છે (ને) તેઓના બચાઓને બહાર રાખે છે. ને તેઓ ઘણી દિલગીરી ઉપજાવે એવી રીતે બેંબેં કર્યા કરે છે. તેઓ પોતાની માને મરી ગએલી (ખોવાએલી) માને છે.(ધારે છે.)

૬. ઘેટાંને એક પછી એક ધુવે છે ને પછી મોટી કાતરોથી ઉન કાતરી કાઢે છે. આને ઘેટા કાતરવા કહે છે.

૭. ઉનના કપડા બનાવવામાં આવે છે. એટલે શિઆળામાં ગરમ કપડાં આપણને જે મળે છે તે ઘેટાંથીજ.

પાઠ ૯ મો.

૧. ઉન્હાળાના દિવસો હતા. નિશાળને રજા હતી. અને જેક ને મે દરિઆ કિનારે ગયા હતા. જેક પોતાની નાહાની બહેનને રોજ દરિઆ કિનારે લઈ જતો ને તેની સાથે રેતીમાં રમતો.

૨. એક દિવસે તેઓએ રેતીનું એક ઘર બનાવ્યું (બાંધ્યું) પણ દરિઓ ધીમે ધીમે ત્યાં સુધી આવી પોહોચ્યો. અંતે તે ઘર પાણીથી તદન ઢંકાઇ ગયું. પછી દરિઓ ધીમે ધીમે પાછો ગયો પણ રેતીનું ઘર તદન ભાગી ગયું. (જતું રહ્યું.)

૩. જેકે નાહાની મેને કહ્યું કે દરિઆને દિવસમાં બે વાર આ પ્રમાણે ભરતીઓટ આવે છે (દરિઓ આ પ્રમાણે દિવસમાં બે વાર આવે છે ને જાય છે.)

૪. એક દિવસે દરિઓ સાવ તળાવ જેવો શાંત (સપાટ) હતો. પણ પાણી તદ્દન શાંત નહોતું નાહાના નાહાના મોજા ઉછળ્યા કરતા હતા તેઓ એટલાતો નરમ ને ધીમે ધીમે આવતા હતા કે જેક અને મેને તેઓ જાણે લીપપીટી લેપપીટી લેપ લેપ લેપ એવું કહેતા હોય એમ લાગ્યું.

૫. બીજે દિવસે સુસવાટા મારતો તુફાની પવન છુટ્યો અને મોજાઓ ઘણે ઊંચે સુધી ઉછળવા લાગ્યા. જેવાં તેઓ ભડકો સાથે અફળાતા તેવાંજ તેમનાં ધોળાં ફીણ બની જતાં.

૬. મોજાપર તરતા દરિઆઈ પક્ષિઓ કેવા આનંદી દેખાતા હતા !

૭. જેકને તુફાની મોજા ગમતા. પણ નાહાની મેને દરિઓ શાંત હોય ત્યારેજ વધારે ગમતો.

૮. આજ મે છીપો શોધે છે. જેક તેને મદદ કરે છે. તે તેને ક્યાં આગળ સારાં સારાં મળશે તે કહે છે.

પાઠ ૧૦ મો.

મારા વાહાલા બૉબ,

૧. મેં તને કહ્યું હતું કે હું તને કાગળ લખીશ અને (તે પ્રમાણે) હું તે લખુછું (કરૂંછું.) મને લાગે છે કે તું જો અહીં હોત ને બધા મરઘડાઓ ને હંસોને ને બતકોને જોત તો બહુ સારૂં થાત.

૨. અહીં એક ઘરડું હંસ છે કે જે તને તરવામાં હરાવે, પણ જેમ તું પાણીમાંથી લાકડી લાવે તેમ તે લાવે નહીં. તે ગઈ કાલે મારી પછવાડે દોડ્યું હતું ને તેણે મને પગમાં ચાંચ મારી હતી.

૩. સૌથી મજેદાર ભૂંડો છે. તને તેઓની ગુચ્છાદાર પુંછડીઓ તરફ કાંકરા મારવાને ગમત. અહીં એક ઘરડી ભૂંડણી છે તે તાસ જેવાં ૭ ફૂ-

ગ્રાંઓ ખાય એટલું ખાય છે. અંહીંઆં ભૂંડનાં દશ બચ્ચાં છે તેઓ હજી ખાતાં શિખે છે, અને બહુ ખાધરાં છે.

૪. દાદા પાસે એક ધોળી ઘરડી ગાય છે. તેનું નામ ખાડી છે (પીટ) તેને ખાડી કહેવાનું કારણ એ કે જ્યારે તે નાહાની વાછડી હતી ત્યારે એક મોટા ખાડામાં પડી ગઈ હતી. તે પોતાના શિંગડાથી ઝાંપો ઉઘાડે છે.

૫. જ્યારે હું ઘેર આવીશ ત્યારે તારે માટે કંઇ કંઇ લઇ આવવાનો છું. તે ઘેટામાંથી બનેલું છે. તે તારા શિઆળાના બીછાના માટે છે. પણ તે શું છે તે હું તને હમણાં કહીશ નહીં.

૬. હું તને જોવાને ઘણો ઇચ્છુકછું. તને પણ જો તેઓ નહીં બોલાવે તો હું હવે ફરીથી જઇશ નહીં. હું ત્રણ અઠવાડીએ ઘેર આવીશ.

સલામ ઘરડા બૉબ.

તારો પ્રેમી શેઠ.

ફ્રેંક.

પાઠ ૧૧ મો.

એક ઠેકાણે એક પવનચક્કી હતી. તેના હાથ રોજ ગોળ ગોળ ફર્યા કરતા હતા. તેથી કોઇને કાંઈ ઇજા થતી નહોતી.

૨. પણ તેની નજીક કાગડાનું એક ટોળું રહેતું હતું. તેને તે ફરતી (ઉદ્યોગી) ચક્કી ગમી નહીં. તેઓ (એમ) કહેતા કે તે આપણામાંના કેટલાકને મારવા ચાહે છે. નહીતો આખો દિવસ મોટા હાથ ફેરવવાનું બીજું શું પ્રયોજન છે.

૩. તેઓએ ગામના તમામ કાગડાઓની સભા બોલાવવાનો નિશ્ચય કિધો. ને ઉન્હાળાની એક સુંદર સાંજે તેઓ પવનચક્કી પાસે એકત્ર થયા.

૪. ટોળીના આગેવાને (તેમને) પોતાની હકીકત કહી સંભળાવી. કાગડાઓએ (તે) પવનચક્કીને ખરેખરજ ઘણીજ નુકશાનકારક (ખરાબ વસ્તુ) ધારી. જુવાનીઆ (તો) એકદમ જઇ તેને જમીનદોસ્ત કરવા (નિચે ખેંચી પાડવા) વિચારવા લાગ્યા.

૫. અંતે એક ઘરડો કાગડો બોલ્યો પવનચક્કી કદી પોતાની જગા છોડે છે અને કાગડાની પછવાડે પડી તેને ઇજા કરવા પ્રયત્ન કરે છે?

૬. કાગડાઓને કબુલ કરવું પડ્યું કે તે તેમ કરતી નથી. ઘરડા કાગડાએ કહ્યું ". ત્યારે કેવી રીતે આપણામાંના કોઇને તે મારે એવું સંભવે? તેઓ બધા બોલ્યા " અરે જો આપણે તેની પાસે જઇએ તો તે આપણને મારે. (તે કરે.)

૭ અને ફક્ત એવીજ રીતે શું તે આપણામાંના કોઇને ઇજા કરી શકશે? હા અલબત તેમજ. તે ડાહ્યો ઘરડો કાગડો બોલ્યો ત્યારે મારે ફક્ત એકજ વાત કહેવાની છે (તે એ કે) ભયથી દુર રહો.

૮. કાગડાઓએ તે પ્રમાણે કર્યું. છોકરાઓને છોકરીઓએ પણ તેજ પ્રમાણે કરવું જોઇએ. ભયથી દુર રહો.

પાઠ ૧૨ મો.

૧. નાનકડા પક્ષિ નાનકડા પક્ષિ તું ક્યાં જતું રહ્યું? મને જ્યારે તું ઉભું રહે એમ લાગે છે ત્યારે તું શા માટે ઉડી જાય છે? જો તું મારી પાસે આવીશ અને મારા અંગુઠાપર બેસી ગીત ગાઇશ તો હું તને કદી ઇજા કરીશ નહીં.

૨. પક્ષિ—વહાલી છોડી હું ઝાડપર બેસી અહીંથી તને ગીત સંભળાવીશ. પણ મહેરબાની કરીને મારી પાસે આવતી નહીં તારા ઉઘાડા હાથ

ને ચળકતા મોટા ડોળાની ચરિબડા નાનકડા પક્ષિને બીકની ધાસ્તી લાગે છે.

૩. છોકરી—વાહાલા નાનકડા પક્ષિ હું તને ચાહુછું તો તારે શામાટે બીહવું જોઇએ ! મારા વાહાલા મધુર પક્ષિ જો તું મારી સાથે આવે તો હું તને એવા ફક્કડ રૂપેરી ઘરમાં રાખીશ ને તને રોજ મુઠી ભરી સાકર ખવડાવીશ.

૪. પક્ષિ—અરે નાહાની છોડી પણ મારો તો આ ઝાડમાં માળો છે ને ત્રણ નાહાના બચા મારી રાહ જોતા હશે. હું એવા સરસના રૂપેરી ઘરમાં દુઃખી થાઉં ને રોજ મુઠીભર સાકરથી ભુખે મરૂં.

૫. હું તાજી હવા વિપુલ તડકો ને ગુલાબના ઝાડોમાં ગાવું ને રહેવું પસંદ કરૂંછું. મારા બચાઓ મને બોલાવે છે માટે મારે હવે ઉડી જવું જોઇએ અને તને છોડી જતાં સલામ સલામ કહી ગાવું જોઇએ.

પાઠ ૧૩ મો.

૧. વસંતઋતુ પુરી થઈ હતી અને પોતાના તાપવાળા દિવસો સાથે ઉન્હાળો આવ્યો હતો.

૨. એક જુના ખેતરમાંના ઘરની પાસે ઘણા માર્ટિનો જોવામાં આવતા હતા. તેઓ ત્યાં આગળ ઉન્હાળો ગાળવાને માટે દરીઆ ઓળંગીને આવ્યા હતા.

૩. તેઓ ઘણા કામમાં ગુંથાયા હતા. કેટલાકો જુના માળા સમારતા હતા ને કેટલાકો નવા બાંધતા હતા.

૪. એક જુવાન જોડાએ એક ફક્કડ જગા પસંદ કીધી હતી તેઓ એક જુની બારીના ખુણામાં માળો બાંધતા હતા.

૫. પોતાના નાહાના ઘરની ભીંતો માટે મારો લાવવાને તેઓ આવ્યે

દિવસ આમતેમ ઉડ્યાંજ કરતા હતા. તેઓ કદી થાકી ગએલા દેખાતા નહોતા.

૬. અંતે તેઓનું કામ પુરૂં થયું. દિવાલો સુકાઇને મજબુત થઈ હવે તો ફક્ત નાહાના બચ્ચાને ગરમાવો લાગે એવી પથારીને માટે અંદરની બાજુએ થોડાક નરમ પિંછાઓ જોઇતા હતા.

૭. માર્ટિન ભાઇ ને બાઇ પોતાના કામથી એટલાંબધાં રાજી રાજી થઇ ગયાં કે તેઓએ પોતાને માટે નાહાની સરખી મેજબાની કરવાનું ધાર્યું તેઓ માંખીઓનું સુંદર ખાણું લેવા માટે ઉડી નિકળ્યા.

૮. જ્યારે તેઓ પોતાના નવે ઘેર પાછા આવ્યા ત્યારે તેઓએ એક મોટું લઠ્ઠ પક્ષિ બારણામાંથી ડોકીયાં કરતું જોયું.

૯. "માફ કરજો સાહેબ" માર્ટિન બાઇએ કહ્યું "આપ ભુલ્યાછો આ ઘર મારૂં છે.

૧૦. "તમારૂં ઘરકે! હું તે જાણતો નહોતો" તે મોટો લઠ્ઠ ચકલો બોલ્યો "તે ખાલી હતું ને મને ઘણું લાયક છે તેથી હું અહીંઆંજ રહેવા ધારૂંછું. એમજ (હા) અને તે પોતાની સાથે પોતાની બાયડીને પણ લાવ્યો હતો.

૧૧. પછી માર્ટિન ભાઇ ઊંચાનિંચા થઈ બોલવા લાગ્યા. પણ એટલુંબધું કહ્યા છતાં પણ ચકલો ત્યાંથી ખસે નહીં તેથી કરીને તેના માટે લડવા કરતા તેણે અને માર્ટિનબાઇએ ઘણી દીલગીરીથી પોતાનું નાહાનું સરખું સ્વચ્છ ઘર મુકી દિધું.

પાઠ ૧૪ મો.

૧. બીજે દિવસે ભાઈ માર્ટિન ને બાઇ માર્ટિને એવો તો નાહાના બારણાવાળો માળો બાંધવા માંડ્યો કે તેમાં કોઈ પણ ઉદ્ધત ચકલો પેસીજ શકે નહીં.

૨. દિવાલ બાંધી અને અંદરની બાજુથી પિંછાંનું અસ્તર કર્યું. પછી-થી પાંચ ઇંડાં મુક્યાં ને પછીથી પાંચ નાહાના પક્ષિઓ જન્મ્યા.

૩. પણ અરેરે ! એક તોફાની રાતમાં વરસાદે માળાની બાજુઓ ભિંજવી નાંખી અને તે નીચે પડ્યો. સવારના પહોરમાં જમીનપર પાંચ મરેલાં બચ્ચાં પડ્યાં.

૪. મા ને બાપ કેટલાબધા દિલગીર બની ગયા. તેઓ તુટેલા માળા-ની આસપાસ ચકર ચકર ફર્યા ને તેઓએ ચિંચિં કરી પોતાના મરી ગ-એલા બચ્ચાઓને બોલાવ્યા. પણ તેનો કાંઇ ઉપયોગ થયો નહીં.

૫. તેઓનું સર્વ ગયું. તેઓનું ઘર ને તેઓના બચ્ચા. તેઓએ હવે શું કિધું ? શું તેઓ વધારે તડકાવાળા દેશમાં ઉડી ગયા ? ના ત્રીજીવાર તેઓએ નવું ઘર બાંધવાનું શરૂ કર્યું.

૬. બીજા માર્ટિનો તો ક્યારનાએ સુંદર કુટુંબવાળા બની ગયા હતા. ઉદ્ધત ચકલાનું પણ પોતાના જેવાજ ઉદ્ધત બચ્ચાનું મોટું કુટુંબ બની ગયું હતું.

૭. કોઈ કોઇવાર જરા કામનો કંટાળો આવતો પણ જ્યારે સારો તડકો પડતો ત્યારે માર્ટિનભાઈ ને બાઇ આનંદથી કામ કરતા.

૮. અંતે ઘર પુરૂ થયું ને તે નાહાનું સરખું સુંદર બની ગયું. થો-ડાજ દિવસમાં માળો માર્ટિનના બીજા કુટુંબથી ભરાઇ ગયો. બધા નાહાના બચ્ચા મોટા થયા, અને તેનાથી વધારે સુંદર બીજું કુટુંબ ક્યાંઈ જોવામાં આવતું નહીં.

૯. હવે છોકરાઓ જ્યારે બધેથી નાસી પાસી થાય અને પ્રયત્ન કર-વો નિર્મૂળ જણાય ત્યારે તમે આ નાહાના બહાદુર માર્ટિનોની વાત યાદ કરશો ? અને પ્રયત્ન પ્રયત્ન ફરીથી પ્રયત્ન કરશો ?

હું પ્રયત્ન કરીશ.

બે લાલ છાતીવાળા રૉબીને એક ઝાડના પોલાણમાં પોતાનો માળો

બાંધ્યો. માદા ઘેર છાનીમાની બેસી રહેતી ને તેનો નર આનંદથી ગાતો અને બધા નાહાના બચ્ચાઓ વુઈ વુઈ વુઈ કરતા.

એક દિવસે તાપ ને તડકો પડ્યો હતો, અને આકાશ નિરભ્ર હતું ત્યારે નર રોબીને કહ્યું " મારા વહાલાઓ તમારે ઉડતાં શિખવાનો આ વખત છે " અને બધા નાહાના બચ્ચાઓ બોલી ઉઠ્યા " હું પ્રયત્ન કરીશ. હું પ્રયત્ન કરીશ હું પ્રયત્ન કરીશ. "

" હું એક છોકરૂં જાણુંછું તે કોણ છે તે હું તમને ધીમે ધીમે કહીશ. જ્યારે મા કહે છે કે આ કર આ કર ત્યારે તે કહે છે કે શામાટે ને શું કરવા. (પણ) જો તે કહે કે હું પ્રયત્ન કરીશ તો તે વધારે સારા દરજ્જાનું છોકરૂં બને.

પાઠ ૧૫ મો.

૧. ચિત્રમાંના છોકરા ને છોકરીને તમે જુઓછો ? તેઓ ભાઈ બેનો છે. છોકરો આકાશમાંના ચકળતા તારાને બતાવે છે.

૨. સૂર્ય આથમી ગયો છે અને હવે થોડીવારમાં અંધારૂં થશે. એક સ્ત્રી પોતાની ગાયો દોહવા માટે ઘેર હાંકી લઈ જાય છે.

૩. હજી બહુ મોડું થયું નથી કારણકે આકાશમાં હજી પેલો એકજ તારો દેખાય છે. જ્યારે રાત પડશે ત્યારે હજારો તારાઓ ચળકશે. પણ હમેશા એજ પેહેલો દેખાય છે.

૪. કારણકે તે સાંજરે ચળકે છે. તેને શુક્રનો તારો કહે છે. તે આપણને રાત પડવાની ચેતવણી આપે છે.

૫. કદાચ તે છોકરો પોતાની બહેનને આજ કહેતો હશે અથવા તો ચળકના તારા વિષે ગીત પણ કહેતો હશે.

૬. નાનકડા તારા એટલે ઊંચે એટલે ઊંચે ઘેરા અસમાની રંગના

આકાશમાં ચળકનારા, નાહાના તારા એટલે દુરથી એટલે દુરથી મને કોણ કેહશે કે તું કોણ છે ?

૭ જ્યારે સોનેરી દિવસ પુરો થાય છે અને રાત પડવા માંડે છે ત્યારે જેવો તું આકાશમાં ચળકે છે તેવોજ હું તારી રાહ જોઉં છું ને તને નિહાળું છું.

૮ જ્યારે રાત અંધારી ને થંડીવાળી હોય છે ત્યારે તું વધારે ચળકાટથી ને શાંતતાથી ચળકે છે. અને જ્યારે નાહાના છોકરાઓ સુઇ રહે છે ત્યારે તું તારો પ્રેમી સંભાળ લે છે.

૯ નાહાના તારા એટલે ઉંચે એટલે ઉંચે ઘણે દુર આકાશમાં ચળકનારા રૂપેરી તારા હું તને ખરેખર ચાહુ છું અને આજ રાત્રે મને તારૂં સ્વપ્નુ આવશે.

પાઠ ૧૬ મો.

૧ જો આ ગાડી આવી ટૉમ હું તને તેમાં બેસાડીશ. તે પ્રમાણે બાપ ટૉમને બેસાડે છે ને મા નાહાની મેરીને ઉપાડીને પગથીયા ચડે છે.

૨ અલબત્તે ટૉમ બારીમાંથી ઘોડાઓને જોવા માટે બેઠકોના છેડે જાય છે. સાટકો વગાડી આવી મોટી ભુરારંગની ઘોડાની જોડીને હાંકવી તેને કેટલું ગમશે ? ગાડી હાંકનારના જેવી સીટી વગાડીને ગાડાગાડીઓને રસ્તામાંથી બાજુએ થતાં જોવાની કેવી મજા આવતી હશે ?

૩ ભાડું લેવાને પેલો માણસ આવે છે.

" તમે ક્યાં જાઓ છો મહેરબાન " પોસ્ટઑફીસે.

" બે પેન્સ મહેરબાન. અને એક પેન્સ છોકરાનો "

૪ બાપ પોતાના ને માના બબ્બે પેન્સ આપે છે. અને ટૉમની પેની આપે છે મેરી તો નાહાનું બાળક છે એટલું લે તેનું ભાડું બેસતું નથી.

૫ કેટલી વખતે આ ગાડી ઉભી રહે છે. તે થોડીવારમાં એટલી બધી ભરાઈ ગઈ કે ટૉમને બાપના ખોળામાં બેસવું પડ્યું. પેલી એક બાઈ બેસવા આવે છે તે ક્યાં બેસશે? આવો મારી જગાએ બેસો બાપ કહે છે. ચાલ ટૉમ હું ને તું ગાડીના ઉપલે માળ જઇએ.

૬ નીશરણી જાળવજે તે ઘણી કઢંગી છે. બેઠકને છેડે આવ અને આપણે રસ્તાપરનું બધું જોઇએ.

૭ માણસને ગાડીના માળપરથી કેટલી બધી ગમત દેખાય છે ટૉમે પુછ્યું "લોકો મોટા બાંકાવાળી ઉંચી પેટીની આસપાસ શાંમાટે ભેળાં થયા છે?" "મને લાગે છે કે તે પંચને જુડીનો ખેલ હશે" બાપે કહ્યું "હા પેલા લાંબા નાકવાળા માણસને ને કાગળના ગળપટાવાળા કૂત્રાને જો" અરે મને લાગે છે કે ગાડી ઉભી રહે ને આપણને જોવાદે.

૮ હવે આપણે ટેકરી પાસે આવી લાગ્યા. ટેકરીપર ગાડી ચડાવવાને મદદ કરવાને માટે એક છોકરો એક બીજો ઘોડો લઇ ઉભો છે. જ્યારે આપણે ઉપર જઇશું ત્યારે ઘોડાને છોડી લેશે અને તે છોકરો તેને ટેકરી નીચે લઇ જશે ને બીજી ગાડીની રાહ જોશે.

૯ પણ આ પોસ્ટ હૉરીસ. આપણે ઉતરવું જોઇએ.

પાઠ ૧૭ મો.

૧ જુન મહિનામાં એક તડકાવાળા દિવસે "વીલી તું ક્યાં જાય છે" એમ તેની બેહેન એનીએ પૃછ્યું.

૨ એની, હું ઘાંસના મોટા બીડમાં જઉછું. ત્યાં ઘાંસ કાપે છે તું આવીશ?

૩ તે બેઉ છોકરાઓ ગયા. તેઓ થોડીવારમાં બીડમાં આવી લાગ્યા. ઘણું ખરૂં ઘાંસ કપાઇ ગયું હતું. તેની કેવી મધુર વાસ આવતી હતી.

૪ જાણો કે ખડ એ સુકવેલું ઘાંસ હોય છે. ખેતરોમાંના બધા સ્ત્રી પુરૂષો તેને લાકડાની મોટી મોટી પાવડીઓથી ઉંચું નીચું ફેરવ્યા કરે છે. આને ખડ બનાવવું કહે છે. જે લોકો આ કામ કરે છે તેને ઘસીયારા કે લોધા કહે છે.

૫ તેઓ તેને ઝટ સુકાવવા માટે ઉપરા છાપરી ફેરવ્યા કરે છે. જો આમ નહી કરે તો તે બગડી જાય ને ઘોડાઓ ને ઢોરો તેને ખાય નહીં.

૬ જયારે ખડ તદન સુકાઈ જાય છે ત્યારે તેને નાહાની નાહાની ઢગલીઓમાં એકઠું કરે છે ને તેને ઘાંસની ગંજીઓ કહે છે પછી તેને ગાડામાં ઘાલી ખળામાં લઈ જાય છે અને મોટી ગંજીમાં ખડકે છે અને શિઆળામાં ઢોરોને ખવડાવવા માટે ત્યાં રાખી મુકે છે.

૭ કેટલીક ઘાંસની ગંજીઓ બીડમાં એક ખણે ઉભા હતી અને ઘણીવાર સુધી વીલી, ને એની, તેની આસપાસ રમ્યા.

૮ તેઓએ તેમાંની એક ગંજીમાં એક મોટું બાકોરૂં કર્યું. આને એની એ પોતાનું ઘર કહ્યું ને વીલી તેને મળવા આવ્યો.

૯ તેઓ ઘાંસની લડાઇ પણ લડ્યા, તેઓ એક બીજાપર ખોબો ભરી ઘાંસ નાંખતા. એકવાર જયારે એની જમીન ઉપર બેઠી હતી ત્યારે વીલી છાનો માનો તેની પછવાડે આવ્યો અને તેના ઉપર એટલું બધું ઘાંસ નાખ્યું કે તે તદન ઢંકાઇ ગઇ.

૧૦ ઘણીવાર રમ્યા પછી તેઓ જરા ઘાંસ બનાવવા લાગ્યા. તેઓએ પાવડીઓ લીધી ને ઘાંસ ફેરવવાને મદદ કરવા લાગ્ય.

૧૧ જ્યારે જમનાનો વખત થયો ત્યારે તેઓ એકગાડામાં ઘાંસના ભાર ઉપર બેસી ઘેર આવ્યા. તેઓના બીડમાંના દિવસથી તેઓ ઘણા થાકી ગયા હતા પણ આનંદી હતા.

પાઠ ૧૮ મો.

૧ હવે બહુ હસવું આવે છે. પણ વાળી ડોલી અરધી રાત્રે તું જ્યારે મારી પાસેથી ખોવાઈ ગઈ ત્યારે તે મને એટલી બધી બીવડાવી.

૨ મને એમ લાગ્યું કે જાણે આપણે સાથે રમીએ છીએ ને તું ઝરામાં પડી ગઈ છે પણ હું અરધી જાગતી થઇને બોલી, એતો સ્વપ્નુ આવ્યું હતું.

૩ કારણ કે તેના ગુચ્છાદાર સોનેરીવાળ મારા ઉશીકે સહી સલામત પડેલાં છે. પછી મે તને અડવા મારો હાથ લાંબો કીધો પણ તું મને ત્યાં જડી નહીં.

૪ હું એટલી બધી દિલગીર થઈ ગઈ ને મને સુનું સુનું લાગવા લાગ્યું કે હું રડી પડી પણ તે સર્વ વ્યર્થ ગયું. તેથી તું મને જડે છે કે નહીં તે જોવા હું ફરીથી સુઇ ગઇ.

૫ હવે સવારના પોહોરમાં કલ્પના કરૂ છું કે તું ત્યાં ખાસી મજેની હતી. અને આયાએ કહ્યું કે આ રડી બીચારી ઢીંગલી આખી રાત અહીંજ પડી રહી છે.

૬ તારા સુંદરવાળના ગુચ્છા વિખરાઈ ગયા છે તેઓ પેહલા સુંદર ને નરમ હતા તો વાહાલી ઢીંગલી વચન આપ કે તું હવે ફરીથી પડી જાઇશ નહીં.

પાઠ ૧૯ મો.

૧ એક દિવસે જેમ્સ ને જ્યૉર્જ માછલા પકડવા ગએલ વાહાણો પાછા આવતા જોવા બંદરે ગયા.

૨ તેઓનો બાપ માછી હતો. તે કેટલાક અઠવાડીઆથી માછલા પકડવા ગએલો તે તે દિવસે પાછો આવવાનો હતો.

૩ બંદરને ફરતો મોજા અટકાવવાને પથરનો પોહોળો કોટ હતો. અને વાહાણોને અંદર આવ જાવ કરવાને એક દરવાજો હતો. જ્યારે જ્યારે તેઓ અંદર આવતા ત્યારે ત્યારે પવન અને મોજાથી તેઓ સહી સલામત રહેતાં.

૪ જેમ્સ ને જ્યોર્જે બંદરના કોટઉપર છોકરાઓના ટોળાને ઉભેલું જોયું. તેઓ બધા દરિઆ તરફ જોતા હતા. દરેક જણ સૌથી પેહલુ માછવાઈ વંહાણુ, જોવાને ઈચ્છતું હતું.

૫ તરતજ તેઓએ ઘણે ઘણે દુર ભુરં સઢ દેખ્યું. તે ધીમે ધીમે સિધુ બંદર તરફ પાસે પાસે આવવા લાગ્યું.

૬ અંતે જ્યોર્જ બોલી ઉઠયો તે રહ્યું. તેના સઢપર ધોળો ડાઘો છે. તેજ આપણી હોડી છે.

૭ જ્યારે તેઓના બાપે તેમને ભેટી પડી તેમને ચળકતા માછલાં બતાવવાને હોડીમાં લીધા ત્યારે તેમને કેટલો બધો આનંદ થયો !

૮ હું વહાણ હંકારાતું જોઉ છું. દરિઆમાં હંકારાતું જોઉછું. અને ખરે તે તારા માટે સુંદર વસ્તુથી ભરેલું હતું.

૯ વાહાણની કોટડીમાં કામ્ફીટસ નામની મિઠાઇ ને નિચલા ભાગમાં સફરજંન હતા. સઢ રેશમી હતું ને ડોલ સોનાની હતી.

૧૦ તુતકની વચમાં ઉભેલા ચોવિસ ખલાસીઓ જે ચોવિસના ગળામાં સાંકળીઓ પેહેરેલા ધોળા ઉંદરો હતા.

૧૧ પિઠે બિંદડી લટકાવેલો એવો બતક તંડેલ (કપતાન) હતો જ્યારે વાહાણ ચાલવા માંડ્યું ત્યારે કપતાન કવેક કવેક બોલ્યો.

પાઠ ૨૦ મો.

૧ આ ચિત્ર ફ્લો ને તેના સસલાનું છે. તેના ભાઇએ તે જ્યારે નાહાનું

ગયું હતું ત્યારે તેને આપ્યું હતું.

તે ઘણું હળેલું છે. તે ફૂલોને પોતાના ખોળામાં લેવા દે છે ને કોબીના પાંદડાં ને બીજી વસ્તુઓ ખવડાવવા દે છે. તેને હાથમાં ઝાલેલા કોબીના લીલા પાંદડાં તરફ તેના ખભા પર બેસી કેવું ટગમગ જુવે છે.

૩ પાળેલા સસલાઓ સાવ ધોળા હોતા નથી. કેટલાકની કાળી કે ભુરી ચામડી હોય છે. જંગલી સસલાઓ ઉપર ભુરાં ને પેટે (નીચે) ધોળા હોય છે.

૪ સસલાના કાન કેવડાં લાંબા હોય છે. તે આવા લાંબા કાનથી ઘણું-સારૂં સાંભળતું હશે. તે કેવાં નરમ છે.

૫ જંગલી સસલાઓ જમીન નીચે રહે છે એ તમે જાણો છો? હા. ઘણા બાકા વાળા મોટા ઘરમાં તેઓ ઘણાજણ સાથે રહે છે. જ્યારે શત્રુ એક બાકા પાસે આવે છે ત્યારે બીકણ સસલાઓ બીજા બાકોરાથી બહાર નાશી જાય છે.

૬ બાકોરાં ઘણા નાહાના હોય છે. જ્યારે સસલું દરમાં દોડી જાય છે ત્યારે તેને તેના કાન પોતાના માથા ઉપર પાડવા પડે છે નહી તો તે મુદલ પેસીજ શકે નહીં.

૭ સસલાઓ આખો દિવસ પોતાના ઘરમાં રહે છે. સાંજરે અને મળસ્કે જ્યારે બધે શાંતતા હોય છે ત્યારે તેઓ બહાર આવે છે ને ઘાંસ ચરે છે. નાહાના બચાઓને સાથે રમતાં ને એક બીજા ઉપર ઠેકતાં જોવાની બહુ મજા આવે છે.

૮ જો તેઓ જરાક સરખો અવાજ સાંભળે કે તરત પોતાના દરમાં નાશી જાય છે. જ્યારે તેઓ ઘાંસમાં થઇને દોડે છે ત્યારે તેમની ધોળી પુંછડીઓ ઉંચી નીચી તમે જોઇ શકો.

૯ સસલાઓ કૂત્રા બિલાડાની પેઠે ચાલી કે દોડી શકતાં નથી કાર-

ણુ કે તેમના આગલા પગો પાછલા પગો કરતા ટુંકાં હોય છે તેઓ માત્ર કુદીજ શકે છે.

પાઠ ૨૧ મો.

૧ જ્યારે હું નોહાનો હતો ત્યારે મારા બાપે મને એક ઓજારની પેટી આપી હતી,

૨ સુથાર, હેરી વિન્ટર, ને હું મોટા ભાઈબંદ હતા. તેની દુકાન અમારા ઘરની સાવ પડોશમાં હતી. અને તે મારી મરજીમાં આવે ત્યારે મને ત્યાં કામ કરવા દેતો, હેરી હમેશા માયાળુ રેહતો ને મને મારા ઓજારો કેવી રીતે વાપરવા તે શિખવતો.

૩ એકાદ અઠવાડીઆ પછી ઉન્હાળાની રજા પડવાની હતી ને અમે ગામડામાં જવાના હતા. હું એક પેટી બનાવતો હતો તે પુરી કરવાની મને ઉતાવળ હતી. કારણ કે મારી માએ મને કહ્યું હતું કે તારે તારા કપડાં તેમાં મુકવા ને તારી મેળે બંદ કરવા.

૪ મેં કેવી રીતે પેટી બનાવી તે તમે જાણો છો ! લ્યો હું તમને કહુ છું. મેં એક પાટીયું લીધુ ને તેના બે લાંબા કટકા કાપ્યાં એક પાછલી બાજુને માટે ને એક આગલી બાજુને માટે ને પછી બે ટુંકા કટકા પડખાને માટે કાપ્યા પછી મેં તેમને આ પ્રમાણે ખીલાથી જોડ્યા.

૫ પછી મેં બે મોટા કટકા એક ઢાંકણા માટે ને બીજો તળીયા માટે કાપ્યો. જ્યારે તળીયું ખીલેથી બેસાડ્યું ત્યારે તે બરોબર બેસતુ આવ્યું. પણ ઢાંકણું બરોબર સિધું કપાયું નહોતું તેથી તે બરોબર બંદ બેસતું આવ્યું નહીં.

૬ તે દિવસે હેરી બહુ કામમાં હતો પણ જ્યારે " હેરી તું આવી

મારી પેટી જોઇએ એમ કહ્યું ત્યારે તે પોતાનું કામ પડતું મુકી દુકાનના મારા ખૂણામાં આવ્યો. મેં કહ્યું " ઢાંકણું બરોબર સિધું નથી પણ તે જોઇએ તેટલું છે.

૭ હેરીએ કહ્યું " આરથર જો તે બરોબર સિધું નહી હોય તો તે સારૂં બેસતું થશે નહીં. જે કરવા લાયક હોય છે તે સારૂં કરવા લાયક હોય છે. ચાલ લાવ (અ ૧) હું તને તે કેવી રીતે બેસાડવું તે બતાઉં છું (બતાવીશ.)

૮ જ્યારે તેને એટલું બધું કામ હતું ત્યારે તે તેની ઘણી ભલમણસાઇ હતી. તે મેં ઢાંકણું ફકડ બંધ બેસતું કર્યું ત્યાં સુધી મારી પાસે ઉભો રહ્યો. પછી તે ફકડ પેટી બની રહી.

૯ હેરીએ મને થોડોક રંગ આપ્યો ને મેં પેટી ને ભુરી રંગી કાઢી પછી તેણે મને નાહાની પિતળની ચુંકો આપીને મેં મથાળે આ પ્રમાણે નામ લખ્યું.

૧૦ બીજે દિવસે હેરીએ નહાનું સરખું તાળું લગાડ્યું ને પેટી તૈયાર થઈ.

પાઠ ૨૨ મો.

૧ હું મધમાખ છું. ઉન્હાળાના લાંબા દિવસોમાં ગણગણ કરતી ફુલોપર ઉડું છું ઘડીકમાં કમળના પ્યાલામાંથી ને ઘડીકમાં ટેકરી નિચેના ફુલેલા ગુલાબના ફુલોમાંથી મારે જોઇએ તેટલો યથેચ્છ રસ (મધ) પિઉં છું. હું ને મારા સાથીઓ ફુલો, જે મધ પુરો પાડે છે તે શોધવા આનંદથી ઉડી જઇએ છીએ.

૨ આખા દિવસમાં અમે એક ક્ષણ પણ આળસુ હોતા નથી. રમવા-

ને માટે કે ઉંઘવાને માટે એક ક્ષણ પણ આળસુ થતા નથી. ઉન્હાળો જતો રહે છે ને શિઆળાનો ખોરાક તાકીદે તૈયાર કરી રાખવા અમારે સંભાળ લેવી જોઇએ. પુડામાંની માખ્યો ઉઠી છે ને ઉદ્યોગમાં મંડી છે (ચપળ છે). આળસુ પ્રાણીઓ કદી ભર આબાદીવાળા કે ચડતી સ્થિતિવાળા થતાં નથી.

. ૩ નહાના છોકરા ઉઠ. જેઓ પોતાનો સારો વખત આળસુ આરામ લેવામાં ગાળે છે તેને માટે ફળપ્રાપ્તિ નથી. બહાર આવ, બધી વસ્તુઓ સવાર. ને લીધે ચળકી રહી છે. અને થોડીકવાર મધમાખીનું ગીત સાંભળ. આનંદથી ગાતાંગાતાં સપાટાબંધ પાંખો હલાવતાં જે ખોરાક અમે લાવીએ છીએ તે લઇ પાછા મધપુડે જઇએ છીએ.

પાઠ ૨૩ મો.

૧ સ્કૉટલાન્ડના એક નાહાના ગામમાં એક પોપટ હતો (રેહતો). તે ત્યાંના બધા છોકરા ને છોકરીઓનો જાણીતો હતો.

૨ તે બોલતો ગાતો ને સીસોટી વગાડતો. તે કૂત્રાની પેઠે ભસતો ને બિલાડીની પેઠે મ્યાંઉ મ્યાંઉ કરતો. તે કલક કલક બોલતો કે બધા મરઘડાંઓ અને મરઘડીઓ ડોલતી ડોલતી રસોડે આવતી, પછી પોપટ પોતાના દાણા માંથી તેમને થોડા દાણા નાંખતો.

૩ પોપટને આખો દિવસ પાંજરામાં પુરી રાખતા નહીં. તે ઘણો હળેલો હતો ને વારંવાર બગીચામાં આમ તેમ ફરતો જોવામાં આવતો; કોઈ કોઈવાર બગીચાની બહાર પણ જતો. તે એટલો બધો જાણીતો હતો કે તેને કોઈ પણ ઈજા કરતું નહીં.

૪ જ્યારે તેનો ધણીકામપરથી ઘેર આવતો ત્યારે પોપટ કેહતો " કાકા કાકા કેમ છે ? હું તમને જોઇને ખુશી થાઉ છુ.

૫ જ્યારે બગીચામાં તેના ધણીની નજરે તે પડતો તો પોપટ કહેતો કે " કાકા કાકા મને ઘેર લઈ જાઓ " પછી કાકાના ખભાપર બેસાડી પોપટને ઘેર લાવવામાં આવતો.

૬ એક સાંજરે પોપટ ખોવાયો તે બગીચામાં નહોતો અને ઘરમાંએ નહોતો રાત પડી પણ પોપટ ઘેર આવ્યો નહીં.

૭ બીજે દિવસે આખા ગામમાં પડો વગડાવવામાં આવ્યો (ઘંટવાળા માણસને આખા ગામમાં ફેરવવામાં આવ્યો) તે ગલીએ ગલીએ ફર્યો દરેક ગલીમાં તેણે પડો વગાડ્યો (ઘંટ વગાડ્યો) ને મોટેથી કહ્યું કે સાંભળો—ખોવાયો છે, ગઈ કાલે એક સુંદર પોપટ જે કોઇ તેને સહી સલામત. ડો શેઠને ત્યાં પાછો લાવી આપશે તેને ઇનામ આપવામાં આવશે.

૮ પણ પોપટને પાછો લાવવામાં આવ્યો નહીં. કોઈ તેના વિષે કાંઈ જાણતું હોય એમ લાગ્યું નહીં.

૯ એક દિવસે ડો શેઠને પોપટની ભાળ લાગી. એમ કહેવામાં આવ્યું કે પાછવાડેની ગલીમાં જે એક મોચી રહે છે તેની પાસે પોપટ છે. કોઇએ પક્ષિને જોયું તો નહોતું પણ તેનો અવાજ સાંભળવામાં આવતો હતો.

૧૦ ડો શેઠ એકદમ મોચીને ઘેર જવા ઉપડ્યો. તેણે જઇને કમાડ ઠોક્યું ને તે માણસને પુછ્યું. પોપટ છે કે—" નહી " તે મોચીએ ઉદ્ધતાઇથી જવાબ દિધો " મારી પાસે પોપટ નથી.

૧૧ " કાકા, મને ઘેર લઈ જાઓ, મને ઘેર લઈ જાઓ" એક ખેદકારક અવાજે કહ્યું. ડો શેઠે તે અવાજ બરોબર ઓળખ્યો. તેણે મોચીને હડસેલો મેલ્યો ને અંદર ગયો તો અંદરના ઓરડામાં પોપટ જડી આવ્યો અને (પછી) રજા માગ્યા વગર પોતાના પાળેલા પક્ષિને લઇને ચાલતો થયો.

પાઠ ૨૪ મો.

૧ એક દિવસે તડકામાં એક મોટો હાથી ઉભો હતો. તેની આસપાસ માંખીઓ ગણગણી રહી હતી. ને તે તે ઉડાડવાને પોતાના શરીરપર સુંઢ માર્યા કરતો હતો.

૨ એવામાં તેનો શેઠ એક નાહાનું સરખું કાળું બાળક લઈ આવ્યો ને તેને તે પ્રાણી આગળ મુકયું. તેણે કહ્યું લે સંભાળ ને તે ગામમાં જતો રહ્યો.

૩ હાથી તરતજ તે બચ્ચાની સંભાળ લેવા લાગ્યો. પોતાની આસપાસ થતા માંખીઓના ગણગણાટની તે ઝાઝી દરકાર કરતો હોય એમ દેખાયું નહીં. હવે તે જે દરકાર રાખતો હતો તે છોકરાની ઉડાડવાની હતી.

૪ પેહલાં તો તેણે તેમને સુંઢેથી ઉરાડવાનો પ્રયત્ન કર્યો પણ તે બરોબર ફાવ્યું નહીં. પછી તેણે ઝાડની એક ડાખળી તોડી પણ તે બહુ મોટી પડી (હતી.) તેથી તેણે તેમાંથી નાહાનો ભાગ તોડ્યો ને છોકરાથી માંખીઓને દુર રાખવા માટે તે પંખા તરીકે વાપર્યો.

૫ તે ત્યાં ધીમે ધીમે છોકરાને પવન નાખતો બે કલાક કરતાં વધારે વાર ઉભો રહ્યો. તે પોતાના વિષે કાંઇ પણ વિચાર કરતો હોય એમ દેખાયું નહીં.

૬ આ પ્રમાણે તે નહાના છોકરાની સંભાળ લેતો તેને જોવાનો સુંદર દેખાવો હતો. હાથી કેટલો જોરવાન હતો ને છોકરૂં કેટલું નાહાનું ને કમતાકાદ હતું.

૭ ઈંગ્લંડમાં એક ગૃહસ્થ પાસે હાથી હતો તે માળીઓને પોતાના કામમાં મદદ કરતો. તે પોતાની સુંઢથી ઝાડું લેતો ને રસ્તા પરથી પાંદડાં ઝાડી કાઢતો.

૮ જ્યારે માળી ફુલોને પાણી પાતો ત્યારે હાથી સુંઢમાં ડોલ લઈ તેની પછવાડે જતો.

૯ હાથીઓ બધી જાતનું કામ તેમની સુંઢથી કરે છે. હિંદુસ્થાનમાં લાકડાના મોટા મોટા બીમો લઈ જવાને તેમને શિખવે છે થોડાંજ દિવસમાં તેઓ માણસના જેવું ફકડ કામ કરતા શિખે છે.

પાઠ ૨૫ મો.

૧ મારી બેન ઇલા પાસે એક ટેબી નામની બિલાડી હતી. તે કાબી છે ને તેની ધોળી સુંદર છાતી છે તેને લાંબી મુછો છે અને ગુચ્છાદાર પુંછડી છે.

૨ ઇલા અને ટેબીને, સવારના નાસતાની વખતે જોવાની બહુ મજા આવે છે. ટેબી ઇલાની ખુરશીની પછવાડે ચડે છે ને તેની મુછો ધીમે ધીમે નાહાની છોકરીના ગાલ ઉપર પુરરર કરી ઘસે છે.

૩ અમારો સ્નેપ કુત્રો ટેબીનો ઘણો શોખીન છે. પણ સવારના પોહોરમાં મોટેથી ભસતાં ભસતાં તેની તરફ દોડી જવાનું તેને બહુ ગમે છે પછી ટેબી જોરથી એક ફુંફાટો મારે છે (આપે છે).

૪ અલબત એ બધું ખોટું ખોટું હોય છે (રમતમાં) સ્નેપ અને તે ઘણા મોટા દોસ્ત છે. અને થોડીજવારમાં તેઓ સાવ એક બીજાની પાસે સગડી આગળ સુવે છે.

૫ ટેબીના પંજા નીચે નરમ ગદેલા જેવું હોય છે તેથી કરીને તે ઘણી ચુપ ચુપ આમ તેમ ફરી શકે છે. આથી તે સરસ શિકારી બને છે કારણ કે તે પક્ષિઓ કે ઉંદરો નજીક (સુધી) કાંઇપણ અવાજ થયા વિના

અંપાતી ચંપાતી જાય છે. તે જ્યારે તેમની પાસે જઇ પોહોચે છે ત્યારે મોટી છલંગ મારે છે.

૬ જ્યારે તે ગુસ્સે થાય છે ત્યારે તે પોતાના નખો લાંબા હુક (આકડા)ની પેઠે બહાર કાઢે છે. બીજી વખતે તે તેમને અંદર રાખે છે. તેથી કરીને તેઓ તેના પગના આંગળાના છેડે નાહાના નખ જેવા દેખાય છે.

૭ ટેબી, પક્ષિઓ ને ઉંદરો પકડે છે પણ તે આપણને કદી ઇજા કરતી નથી. ઇલિા હમેશાં પોતાની મીની વિષે આ કવિતા કહે છે.

હું નાહાની મીનીને ચાહુ છું તેના વાળ કેવા ગરમ છે. અને જો હું તેને ઇજા નહી કરૂં તો તે મને ઇજા કરશે નહીં. તેથી હું તેની પુંછડી ખેંચીશ નહીં અથવા તેને કાઢી મુકીશ નહીં. પણ મીની અને હું ઘણા પ્રેમથી રમીશું.

૮ હું તમને ટેબી વિષે ઘણું ઘણું કહું. જ્યારે તે આપણા હાથ ચાટે છે ત્યારે તેની જીભ કેવી ખડબચડી લાગે છે અને તે અજવાળામાં તેમજ અંધારામાં કેવું સારી રીતે જુવે છે, પણ આજને વાસ્તે હું તમને તેના વિષે પુરતું કહી રહ્યો છું.

"જો તમારી મરજી હોય તો"

તમામ ભુરા રંગના નાહાના ઉંદરડે મારા ઘરમાં પોતાનું ઘર કર્યું છે. ને દરરોજ સવાર સાંજ હું કહુ છું કે તે ઉંદરડો જતો રહેતો સારૂં.

પણ શા માટે જેવો જોઇએ તેવો તે એક આત્મા છે. મારૂં ઘર મોટું છે મારી શગડી મોટી છે તેના માટે ને મારા માટે પણ જગા છે.

અરે હા! પણ જ્યારે અજવાળું જતું રહે છે ત્યારે તે લુચ્ચાઇથી આમ તેમ જોવાને ચાહે છે. અને જેજે કાંઇ જુવે છે તેતે સર્વ જો તમારી મરજી હોય તો કોઇના કહ્યા વિના ખાઇ જાય છે.

પાઠ ૨૬ મો.

૧ જેક અને નાહાની એની જે ઝુપડામાં રહેતા હતા તે ઝુપડામાં એક મોટી બિલાડી રેહતી હતી. તેને એની પોતાની કેહતી.

૨ એક રાત્રે જ્યારે સર્વત્ર શાંતતા થઇ ત્યારે એક નાહાનો ઉંદર જમીન ઉપર રોટલીના કટકાઓ ચુંટીખાતો આમ તેમ ફરતો જોવામાં આવ્યો.

૩ જ્યારે જેકે તે જોયો ત્યારે તે પોતાના સ્ટુલપરથી ઉઠ્યો ને તેને પકડવાને પ્રયત્ન કરવા લાગ્યો. પણ ઉંદર તેના કરતાં ઘણો ચપળ હતો એક ક્ષણમાં તે દરમાં પેસી ગયો ને નજરેથી જતો રહ્યો.

૪ તે રાતે જેકે દર પાસે જાળીનું એક પાંજરૂ મુકી અને પાંજરામાં ખમીરનો નાહાનો સરખો એક કટકો મુકયો. ઉંદર ખમીરથી દુર રહી શક્યો નહીં.

૫ તે રાત્રે જાળીના પાંજરામાં પેઠો. દરવાજો નિચે પડ્યો ને બીચારો ઉંદર પકડાઈ ગયો. જ્યારે સવાર થઈ ત્યારે જુઓ તે બહાર નિકળવાને કેટલો મોટો પ્રયત્ન કરે છે.

૬ મોટી બિલાડીને ઉંદર પકડવાનો હતો પણ એનીએ બિલાડીને પોતાના હાથમાં પકડી રાખી હતી અને તેને પાંજરા પાસે જવા દેતી નહોતી.

૭ તે પકડાએલો ઉંદર કાંઈ જેવો તેવો સામાન્ય ઉંદર નહોતો પણ સુંદર નાહાનો સરખો મોસમનો ઉંદર હતો જે ઝુપડામાં આવી ચડ્યો હતો.

૮ મોસમી ઉંદર ખેતરોના લાંબા ઘાસમાં રહે છે. તે આશરે એક ઇંચ લાંબો હોય છે ને તેની ચામડી ભુરી રૂવાટીવાળી ઘણી નરમ ને જાડી હોય છે.

૯ આ ઉંદર પોતાના બચ્ચા માટે જેવું સુંદર ઘર બનાવે છે તેના કરતાં વધારે સુંદર બીજું કોઇપણ પક્ષિ બનાવી શકતું નથી. તેનો માળો

ઘણોજ નાહાના બાકાંવાળો નાહાના ગોળ દડા જેવો હોય છે. તે સુકા ઘાંસનો બનાવેલો હોય છે ને ઘણો ઘાટો ને મજબુત હોય છે.

૧૦ જેક અને એની ઉંદરને લઈ જવાદે નહીં. તેઓએ પોતાની ભણવાની ચોપડીમાં મોસમી ઉંદર વિષે ને તેના સુંદર ઉપયોગ વિષે વાંચ્યું હતું. તેથી તેઓ ઉંદરને છોડી મુકવાના હતા.

૧૧ તેઓ પાંજરાને ઝુપડાની પછવાડે મોટા ખેતરમાં લઇ ગયા ત્યાં આગળ ઘાંસ ઉંચું ને સુવાળું હતું.

૧૨ જ્યારે પાંજરાનું કમાડ ઉઘાડવામાં આવ્યું ત્યારે ઉંદર બહાર આવ્યો તે બની તેટલી ઝડપથી નાસી ગયો અને લાંબાને સુંવાળા ઘાંસમાં દેખાતો બંદ થયો. તમે ખાત્રીથી જાણો કે તે ફરીથી ઝુંપડામાં જણાયો નહીં.

પાઠ ૨૭ મો.

મે—હવે ધોળી મિનડી ભલી થઇને (મેહરબાની કરીને) અહીં આવ. હું કહુ છું (કહેવાનું છે) તે સાંભળ, મારી જોડે ઉશીકાપર બેસ. અને તારી ગળપટી બરોબર સમી કરવાદે (બાંધવાદે) તારે નખોરીઆ ભરવાનહીં કે કરડવું નહીં (પ્રયત્ન કરવો નહીં) અને તારે કદી ચોરવું નહીં કે લડવું નહી. પણ ઘરને ઉંદરો ને કોળથી સ્વચ્છ રાખવું અને તારા વાળ ને તારી મુછો સ્વચ્છ રાખવી બીજી બિલાડીની પેઠે કરવું તને પાલવે નહીં. તું મારી બિલાડી છે એ યાદ રાખ.

બિલાડી—ઓ શેઠાણી મેં તમારો ધોળી બિલાડીને તમારા જેટલુંજ કહેવાનું છે. તમારે મારાપર ગુસ્સે થવું ન જોઇએ કે મને ચુંટીઓ ખણવી ન જોઇએ કે મને મારવી ન જોઇએ અથવા તો પોતાની મરજીમાં આવે ત્યારેજ માત્ર મને ખવડાવવું ન જોઇએ; અથવા જ્યારે તમે ગરમ કપડામાં

લપેટાઇને સુઇ રહ્યા હો ત્યારે મને રાત્રે તાઢથી ડરવા બાહાર રાખવી ન જોઇએ; મને જો તમે ધોળી મિનડી હો ને તમારી સાથે બીજાએ જેમ વરતવું ચાહતા હો તેવી રીતે હમેશ મારી સાથે વરતો. બીજા લોકો જેમ કરેછે તેમ તમારે કરવું પાલવે નહીં હું તમારી બિલાડી છું એ યાદ રાખો.

પાઠ ૨૮ મો.

૧ પીપસી એ એલીસની મુરઘી છે. ને તેને દશ નાહાના બચ્ચા છે. તે ઘણી સારી. મા છે.

૨ તેને બચ્ચા કેવી રીતે થયા તેની આ વાત છે. તેને બચ્ચાં થતાં ઘણા દિવસ લાગ્યા. પેહલ વેહલા તો તેણે કેટલાંક ઇંડાં મુકયાં દરેક વખતે તે એક ઈંડું મુકતી ને ઘણી મગરૂબીથી કલક કલક કરતી આમ તેમ ફરતી જાણે કેમ કાંઇ મોટું મહાભારત કામ કર્યુ હોય.

૩ જ્યારે બાર ઇંડા મુકી રહી ત્યારે પીપસી તેમના ઉપર બેસી તેમને સેવવા લાગી તે લાગ લાગટ ત્રણ અઠવાડીઆ સુધી બેઠી. પછી કરરર કરતા એક ઇંડાનું કોચલું ભાગ્યું ને તરતજ નાહાનું સરખું બચ્ચું મોટી દુનિયામાં બહાર આવ્યું.

૪ તરતજ બીજું બચ્ચું પોતાના કોચલામાંથી ચાંચમારી બહાર આવ્યું. પછી બીજું ને પછી બીજું એ પ્રમાણે તેઓ દશનું ટોળું થયું ત્યાં સુધી આવ્યા બીજા બે ઈંડામાં બચ્ચાં નહોતા.

૫ નાહાના બચ્ચાઓ પેહલ વેહલાં બહુ ગમતી હતા. તેઓ પોતાના ધ્રુજતા પગે ઉભા રેહતા અને ધીમાસાદે પીપ પીપ કહેતા. પછી પીપસી ઘણી નરમાઇથી કલક કલક કહી જવાબ આપતી.

૬ પીપસી પોતાના બચ્ચાં તરફ ઘણી માયાળુ છે. તેમના ખાવા માટે દાણા ને જીવડાઓ શોધવા તે જમીન ઉઝેડે છે. ત્યારે તે કહેછે કે કલક

કલક આ સુધી ક્યો કમક કલક આ ખાઈ જુઓ. બધા બચ્ચાઓ તેને શું જડ્યું છે તે જોવા દોડી જાય છે.

૭ સવારના પહોરમાં જ્યારે અમારો કુત્રો સ્નેપ વાડી સુધી ભસતો ભસતો આવે છે ત્યારે તેની તરફ પીપસીને કલક કલક કરતા સાંભળવા-ની રમુજ આવે છે.

૮ તે તેને એમ કેહતી જણાય છે કે કલક કલક તારું અહીં શું કામ છે ? કલક કલક તું બહુ વેહલો આવ્યો છે ભાઈ કલક કલક તારી શેહ-ણી આવે ત્યાં સુધી તારું અમને કામ નથી.

૯ પીપસી જાણતી નથી કે સ્નેપ તેના બચ્ચાને ઈજા કરે નહીં તે તેને પોતાના બચ્ચા પાસે આવવાદે નહીં; પણ તે એલીસને હમેશ અડકવા દે તે જાણે છે કે એલીસ તેમને ચાહે છે અને તેમને કંઈ ઈજા કરશે નહીં.

૧૦ જ્યારે બચ્ચાઓ ઠરી જાય છે કે થાકી જાય છે ત્યારે પીપસી નીચે વળે છે ને તેઓ તેની પાંખ નીચે દોડી જાય છે. થોડીજ વારમાં દરેક બચ્ચું ભરચક ઉંઘી જાય છે.

બધા નાહાના બચ્ચાઓ તેની પાંખ નીચે પડખામાં ભરાય છે; ત્યાં આગળ તે તેમને બીક ને ઈજાથી દુર રાહીસલામત ને ગરમ રાખે છે.

પાઠ ૨૯ મો.

૧ બાપા, ટૉમે મને કહ્યું કે તારામાં તારા મિઠા જેટલી પણ કિંમત નથી. તેણે એમ શાથી કહ્યું ?

હશે વાહાલી હું ધારું છું કે હવે ફરીથી કોઈપણ તને એવું નહી કહે ને છોડી, મિઠાજેવી સસતી વસતું જેટલી પણ કિમતી નથી તેટલી તે બહુ કિંમતી નથી.

૩ એમ છતાં પણ તારા વિના અમને જેટલી વાર ચાલે તેટલી વાર પણ અમને મિઠાવિના ચાલે નહીં, અને તેણે પોતાની નાહાની છોકરીને પોતાની પાસે લીધી.

૪ જેના ખોરાકમાં મિઠું હોતું નથી તે મોટો ને મજબુત બની શકતો નથી. જનાવરોને પણ તેની જરૂર છે. ખેડુતો વારંવાર મુઠો ભરીને મિઠું ઘોડાઓ, ગાયો ને ઘેટાઓને ચાંટવા માટે ખેતરોમાં નાખે છે.

૫ આફ્રિકામાં શિકારીઓ જો મિઠાના કયારા પાસે છાનામાના ઉભા રહે તો તેમને ખાત્રી બંદ્ધ જંગલી જનાવરોનો શિકાર મળે.

૬ પણ આફ્રિકામાં મિઠું સસતું નથી કારણ કે તેની ઘણી અછત છે. ત્યાં આગળ તમે જેમ અહી થોડીક મિઠાઇથી ખુશી થાવછો તેમ છોકરાઓ થોડા મિઠાથી ખુશી થાય છે.

૭ બાપા મિઠું ક્યાંથી આવે છે ? આપણને તેનો મોટો જથો સમુદ્રમાંથી મળે છે. છીછરા ખાડાઓ ખોદી રાખે છે ને તેને સમુદ્રના પાણીથી ભરી નાંખે છે. સૂર્યથી પાણી સુકાય છે ને પાછળ મિઠું રહે છે.

૮ પણ આપણને વળી ખાણોમાંથી પણ મિઠું મળે છે. આપણા દેશમાં જેવી રીતે કોયલાની ને લોઢાની ખાણો છે તેની જ રીતે મિઠાની પણ ખાણો છે.

૯ મિઠાની સૌથી મોટી ખાણ એ દુનિયામાં એક નવાઈ જેવી જગાં છે તે અહીથી ઘણે દુર છે. છસોવરસ થયા માણસ તેમાંથી મિઠું કાઢ્યાજ કરે છે પણ (તે) હજી પણ તેટલું ને તેટલુંજ દેખાય છે.

૧૦ આ ખાણોમાં કોસને કોસ સુધી ગલીઓ છે. ત્યાં આગળ ઘરોપણ મિઠાનાજ બનાવેલા છે જેમાં ખાણોવાળા પોતાના બૈરાં છોકરા સાથે રહે છે.

૧૧ ઞંકડા પોતાની આખીજીંદગાની સુધી ખાણુમાં રહે છે ને ભાગ્યે જ આસમાની આકાશ કે લીલું ઘાંસ જુવે છે.

૧૨ ત્યાં આગળ દેવળોપણ મિઠાનાજ બનાવેલા છે. જેમાં ખાણુવાળા પ્રાર્થના કરે છે ને ગાય છે.

૧૩ ખાણુમાં મિઠાના ગાડા ખેચવાને ઘોડાઓ જોઇએ છીએ. જ્યારે તેમને એકવાર ત્યાં લઈ જવામાં આવે છે કે ફરીથી તેમને કદી બહાર લાવતા નથી. મિઠાના ચળકાટથી ને દિવાઓના કિરણોથી તેઓ આંધળા બની જાય છે પણ તેઓ પોતાનું કામ પેહલાની પેઠેજ કર્યા જાય છે.

પાઠ ૩૦ મો.

૧ સરોવરની સામી બાજુએ ટેકરી તરફ એક જંગલ છે તે ઉજાણી માટે સુંદર સ્થાન છે. અને છોકરાંઓ વારંવાર હોડકામાં બેસી ત્યાં જતા અને ઝાડો નીચે ચા બનાવતા.

૨ તેઓ હમેશા પોતાની સાથે પુષ્કળ રોટલીઓ, માંખણ અને બી-સ્કુટો લઇ જતાં અને કોઈ કોઇવાર આન્ટ મેરીના દાણાની રોટલીનો કટકો પણ લઇ જતા. તેઓ વળી અલબત થોડીક ચા ને થોડુંક દુધ ને સાકર પણ લઇ જતા.

૩ આ બધી ચિજો ટોપલીઓમાં કીટલી નાહાની સરખી આદાણી ને કેટલાક પ્યાલાઓ સાથે ભરી લેતા

૪ ચા બનાવવા બહુવાર થતી નહીં. એકાદ છોકરો કીટલી ભરતો અને બીજાઓ દેવતા માટે બળતણ ભેગું કરી લાવતા. કીટલી ને તમે ચિત્રમા જુઓ છો તેમ દેવતાપર લટકાવતા કે તરતજ પાણી ઉળકવા માંડ્યું

૫ પછી છોકરીઓ ચા બનાવતી કારણ કે અલબત છોકરાઓ કરતા

તેઓ તે ઘણી સારી રીતે બનાવે દરેક વસ્તુ કેવી ફક્કડ હતી. ઉનાળામાં હમેશા દરેક વસ્તુ શાથી આટલી બધી લીજતદાર લાગે છે ?

૬ ચા પિધા પછી પ્યાલાંઓને ધુવે છે ને ટોપલીઓમા ભરે છે. પછી છોકરાઓ ઝાડોના મોટા થડની આસપાસ રમતા રમે છે.

૭ જ્યારે તેઓ રમતથી થાકી જાય છે ત્યારે તેઓ ઝાડીમાં જંગલી ફુલો ને ફર્ન નામના ફળો એકઠા કરવા જાય છે.

૮ છોકરાઓ જંગલી દેવદારના લીલાપાંદડામાં લાલ ફળોના ઝુમખા વાળા બે ડાળાઓ માટે બહુ મગરૂબ હતા. તેઓ ઘેર જતા હોડીના કઠેડામાં આનંદી જણાતા.

૯ શાંત સાજરે ઘેર પાછા જતાં છોકરાઓના હસવાનો ને ગાવાનો કેવો આનંદી અવાજ આવે છે.

૧૦ જેવું તેઓએ પાછળ જોયું તેવુંજ તેમને સૂર્ય ટેકરીની પછવાડે જતો અને પોતાના દેવતાનો લાલ ચલકાટ ટેકરીની અંધારી બાજુએ પડતો જણાયો. તેઓએ તેને (સૂર્યને) નાહાનો થતા એક નાહાનો નાહાના સરખો ચળકાટ આપી અસ્ત થતાં સુધી જોયા કીધો.

પાઠ ૩૧ મો.

૧ નાહાનો ટૉમી અને વિટર અને આરચી અને બોબ એક દિવસ ફરતા હતા એવામાં તેમને એક સક્કરજન જડ્યું તે પિળું ગુલાબી અને [illegible] તું હતું અને જમીન પર પડેલું હતું.

૨ ટૉમીએ કહ્યું કે તે હું લઇશ. પિટરે કહ્યું તે મારૂં છે. [illegible] કહ્યું કે તે મને મળયું છે. તેજ પ્રમાણે બૉબે કહ્યું કે ચાલો આપણું તના ચાર ભાગ કરીએ અને દરેક જણ વેહેચી લઇએ.

૩ નહીં નહીં ટૉમીએ મોટે સાદે કહ્યું તે હું પોતે રાખીશ પિટરે કહ્યું અલ્યા તે મારે જોઇએ છે. આરચીએ કહ્યું તે મને મળ્યું છે ને તે હું આખું રાખીશ હું કટકો સરખો પણ આપીશ નહીં.

૪ પછી ટૉમીએ તે ઝુટાવી લીધું ને પિટરે બાથમ બાથા કરી (આ કેહવાને દિલગીરી ભરેલું છે). અને આરચીએ તે તેના હાથમાંથી પડી ગયું ત્યાં સુધી બન્યું તેટલું મજબુત પકડી રાખ્યું.

૫ ત્રણુ તામસી ભાઇઓના હાથમાંથી તે સટકયું ને પછી નાહાની લીલી ટેકરી પરથી તે સફરજન જાણે તે હવે થોભશેજ નહીં એવી રીતે ગબડતું ગબડતું ચાલ્યું.

૬ એક ઘરડી આળસુ ગાય ઘાંસ ખાતી હતી અને પુંછડીથી મા-ખીઓ ઉડાડતી એટલામાં એકાએક તે સફરજન ગબડતું તેની આંખ સામે આવી અટક્યું.

૭ તે તેને એક કે બે કોળીયામાં ગળી ગઈ ને તે સફરજન ફરીથી જણાયું નહીં. આરચી પિટરને ટૉમ ડસકાં ખાતાં બોલ્યા મને લાગે છે કે આપણે રાખ્યું હોત ને ચારે જણાએ વેહેંચી લીધું હોત તો સારૂં થાત.

પાઠ ૩૨ મો.

૧ વસંત ઋતુના દિવસો હતા. અને હું મારી ખુરશી બારી પાસે ઘસડી જતો. જ્યાંથી હું વાંકો વળીને વાડીમાંની બધી ખુબ સુરત વસ્તુઓને જોતો.

હું મધમાખીઓને ફુલોમાંથી મધ ચુંસી લેતા અને ઘણા (ડઝન્સ) આનંદી પક્ષિઓને તેમના ઘર બાંધતા જોતો.

૩ હવે મારી બારીની અંદરની બાજુએ પાસેજ દોરીઓની એક

પેટી લટકતી હતી. બે ત્રણ દિવસથી દોરીનો કટકો સરખો પણ પેટીમાં જડતો નહીં. મેં કેટલીક તેમાં મુકી પણ જ્યારે બીજી ફેરે જોવા ગયો ત્યારે બધી જતી રહી હતી.

૪ એક દિવસે બપોરે એક સુંદર પક્ષિ બારીના ઉમરા ઉપર ઉડી આવ્યું, તેણે પોતાનું નાહાનું માથુ એક બાજુએ કર્યું.(મુક્યું) અને પોતાની નાહાની આંખ મચ મચવા લાગ્યું.

૫ પછી " તમારી મરજી હોય તો " એમ કહ્યા વિના તેણે પોતાની ચાંચ પેટીમાં નાખી અને ગુલાબી દોરી લઈ ઉડી ગયું.

૬ હું સાવ છાનો માનો તે નાહાનો ચોર પાછા આવવાની હિંમત કરે છે કે કેમ તે જોતો બેઠો. તે આવ્યો નહીં પણ તેણે પોતાની બાયડીને મોકલી. ને તે પોતાના વર જેવીજ હિંમતવાન હતી.

૭ તે ઉચી નીચી થઇ પગલું ભર્યું. ને કુદી, મારી તરફ ક્ષણ ભર જોયું ને પછી જરાપણ બીધા વગર દોરીનો કટકો લીધો.

૮ મને આશ્ચર્ય લાગ્યું કે મારી ગુલાબી દોરીનું પક્ષિઓને શું કામ પડયું હશે ? તે તેઓ જે માળો બાંધતા હતા તેની દિવાલોને માટે હતી.

પાઠ ૩૩ મો.

૧ અંતે માળો તૈયાર થયો છે. તમે જુઓ છો કે આ ત્રણ નાહાની સરખી ડાળીઓને તે કેવો મજબુત બાંધ્યો છે ? તે કેવો મજબુત છે ! તમારાથી તે કવાચિતજ ખેચી પાટી શકાશે.

૨ માળામાં ડૉકાયું કરીને પિંછાનું ને ઉનનું નરમ અસ્તર કરેલું. જુઓ. તે શામાટે એવું નરમ કર્યું હશે તમે શું ધારો છો ? અલબત તે તો જે નાહાના પક્ષિઓ જન્મવાના છે તેને માટે છે.

૩ ખરેખર એક સવારે મેં બારીમાંથી વાંકુ વળી જોયું અને મેં બારીમાંથી વાકું વળી જોયું અને મેં માળામાં પાંચ ઈંડા એકઠા પડેલા જોયા.

૪ પણ હું તમને કહુ છું કે મને તે જોવાને બહુ તક મળી નહીં. કારણ કે માદા પક્ષિ એક ઘડીપણ ક્વચિતજ માળો છોડતી.

૫. ત્યાં તે બે મહિનાના લાંબા દિવસોમાં રાત સુધી બેસતી ને તેમને સેવતી. બીજું કોણ; માજ આટલી માયાળું હોય. ?

૬ તે પોતાના વાસાનું દુઃખ કે પગ અકડાઈ જવાની દરકાર રાખતી નહીં પણ આખો દિવસ તદન શાંત રીતે બેસી રેહતી. તે ઘણું કઠણ કામ હતું કારણ કે બીજા પક્ષિઓ તડકામાં બહુ મોજ મારી રહ્યા હતા.

૭ અંતે એક દિવસે સવારે હું એટલી બધી ચિંચિં ને ગાયનથી જાગી ઉઠયો. હું એક ક્ષણમાં તે બધું શું હતું તે સમજી ગયો. મેં જાણ્યું કે જ્યાં આગળ આગલી રાત્રે બે પક્ષિઓને પાંચ ઈંડાંઓ હતા ત્યાં આગળ હવે સાત પક્ષિઓ ને બીજુ કાંઈ નહી પણ ઈંડાંના કોચલાં રહ્યા.

૮ બાપ, પક્ષિએ મારા કપડા પેહરવાની વાટ ભાગ્યેજ જોઈ પણ તે ઉડીને બારીના ઉમરે તું શા માટે ઉઠતો નથી. તું શા માટે ઉઠતો નથી. તું ઘણો આળસુ છું ઝટકર ઝટકર મને પાંચ નાહાના બચ્ચાઓ થયા છે એમ કહેતો કહેતો આવ્યો.

૯ તેઓ આજ સવારે તેઓના કોચલામાંથી આવ્યા. તેઓ એટલા બધા ભૂખ્યા છે કે તેમને પુરૂં થાય એટલું બધું ખાવાનું મને મળી શકતું નથી.

૧૦ અલ્યા શા માટે ઉઠતો નથી. મને પાંચ નાહાના બચ્ચા છે. હું તેમની સંભાળ લઉછું અને મારી બાયડી બહાર ગઈ છે ને આરામ લેછે.

પાઠ ૩૪ મો.

૧ એક વખતે એક દુકાનદાર મોટી પંચાતમાં આવી પડ્યો. તે પોતાને કેટલાક પૈસા મળે એવાં કાગળોની રાહ જોતો હતો. પણ દિવસો પછી દિવસો વહી ગયા પણ કાગળો આવ્યા નહીં.

૨ અંતે તેણે ટપાલના શિપાઇને તે જો તે વિષે કાંઈ જાણતો હોય તો પુછ્યું. ટપાલના શિપાઇએ કહ્યું કે હું તમારા બધા કાગળો તમારા કમાડના બાંકાંમાં નાખુ છું તમારે ટપાલની પેટી લાવવી જોઇએ.

૩ દુકાનદારના કમાડમાં એક નાહાની સરખી ફાટ હતી તમે સમજ્યા જ્યારે તેમાં કાગળો નાંખવામાં આવતા ત્યારે તે દુકાનમાં જમીન ઉપર પડતા.

૪ બીચારા માણસને શું કરવું તેની કાંઈ ગમ પડી નહીં. તેને પૈસાની તો બહુ જરૂર હતી. તે જાણતો હતો કે તે મોકલાઈ ચુકેલા છે અને ટપાલવાળાએ કહ્યું કે મેં બધા કાગળો કમાડની ફાંટમાંથી અંદર નાખ્યા છે.

૫ એ ઘણું નવાઈ જેવું હતું. કાગળોનું શું થયું હશે ? થોડાક દિવસ થયા ને બીજા કાગળો ખોવાયા.

૬ અંતે દુકાનદારે આખી રાત બેસી પોતાના કાગળોનું શું થાય છે તે જો માલમ પડે તો શોધી કાઢવાનો નિશ્ચય કર્યો.

૭ અંધારૂં થવા માંડયું કે તરતજ ટપાલવાળાના પગલાં સંભળાયા જમીન ઉપર એક બે ત્રણ કાગળો પડ્યા.

૮ ચોકીઆટે તેમને ત્યાંજ રહેવા દિધા. કલાક પછી કલાક વહી ગયા. ઘડીઆળમાં બાર વાગ્યા હજી સુધી કાગળો જેવા પડેલા હતા તેવાંજ પડી રહ્યા.

૯ પણ સાંભળો. દરવાજા પાસે અવાજ થયો. જ્યાં આગળ કાગળો

છે તે તરફ ધીમે ધીમે ડોકિ ગયું. એક ઉપાડ્યો ને લઈ ગયો. પછી બીજો કાગળ ઉપાડ્યો ને પછી ત્રીજો ઉપાડ્યો.

૧૦ તેજ ચોર હતો. તે કોણ હતો તેની તમે અટકળ બાંધી શકો ? ઉંદર.

૧૧ તેનું દર પાટીઆની નીચેજ હતું. પાટીયું ઉખેડવામાં આવ્યું ને ત્યાં ત્રીસ કાગળોને કેટલાંક વર્તમાન પત્રો પડેલા હતા.

પાઠ ૩૫ મો.

૧ બાપાનું બધું કામ થઈ રહ્યા પછી ને ચા પિધા પછી તરતજ તે ચિમની સળગાવે છે ને મને કહે છે કે નાહાની છોડી હવે વર્ત્તમાન પત્ર લાવ પછી મા તેની ખુરશી પાસેજ ઘસડી લાવે છે ને તે આમેહુબ આ પ્રમાણે બેસે છે. પણ જ્યારે બાપા વાંચતા હોય છે ને મા ગુંથતી હોય છે ત્યારે હું જરાપણ ગડબડ કરતી નથી.

૨ બાપા જ્યારે રાત્રે વર્ત્તમાન પત્ર વાંચે છે ત્યારે મને નવાઈ લાગે છે કે વર્ત્તમાન પત્રો તેમને શું કેહતા હશે ? તમે જાણો છો કે હું તો ફકત ખોટું ખોટું (રમતમાં) વાંચુંછું. પણ બાપા તો વર્ત્તમાનપત્રો ખરેખરાં વાંચે છે. પણ વર્તમાન પત્રો શું કહે છે તે શોધી કાઢવાને જ્યારે હું સ્ટુલ ઉપર બેસું છું ત્યારે તે કહે છે કે આવતે વરસે તું નિશાળે જઈશ અને લખતાં વાંચતાં ને જોડણી કરતાં શિખીશ.

૩ હું અહીંઆ હવે બાપાની વાટ જોઉછું. રોટલી. બનાવી રાખીછે ને ચા તૈયાર થઈ છે અને જ્યારે તે આવશે ત્યારે તે મારા ભમરનું ચુંબન લેશે અને જ્યારે તે ચા પિવા બેસશે ત્યારે પુછશે કે મારી નાહાની છોડી આજ સજેમાં છે ના ? અને મા હસશે ને કેહશે મારી નાહાની

છોડી મને કામ કરવા લાગી હતી.

૪ આ પિધા પછી તે પોતાની ખુરશી દેવતા પાસે ખસેડશે ને કેહ- શે નહાની છોકરી હવે વર્ત્તમાન પત્રો ક્યાં છે. તે મારી પેઠેજ તેને હાથ- માં પકડશે. તે કેવી રીતે બેસે છે તે હું બરોબર જાણું છું. પણ જ્યારે બાપા વાંચે છે ને મા ગુંથે છે ત્યારે હું મારાથી બનશે તેટલી શાંત રહીશ.

પાઠ ૩૬ મો.

૧ એક વખતે એક જંગલ પાસે એક માણસ પોતાની બાયડી ને સાત છોકરાંઓ સાથે રેહતો હતો.

૨ આ છોકરાઓમાંનો એક છોકરો એટલો બધો નાહાનો હતો કે તે પોતાના બાપના જોડામાં સંતાઈ જાય એમ કેહતા. તેનું નામ હૉપ (કુદકો) હતું કારણ કે તે હમેશા આમ તેમ નાચ્યા કરતો હતો.

૩ તેનો બાપ તેને " મારો અંગુઠો કુદ " કહી બોલાવતો. કારણ કે તે એટલો બધો નાહાનો હતો. પણ તે માયાળુ ને પ્રેમી છોકરો હતો ને પોતાની ઉમર કરતા ઘણો ડાહ્યો હતો.

૪ બાપ એક વખતે શ્રીમંત ઉમરાવ હતો પણ તેણે પોતાની સર્વ દોલત ગુમાવી દીધી હતી. હવે તે એટલો બધો ગરિબ હતો કે તે પોતાના કુટુંબ માટે ખાવાનું લાવવા જંગલમાંના લાકડાં કાપી લાવ- વાને ખુશી હતો.

૫ એક રાત્રે બાપ પોતાની સ્ત્રી સાથે વાત કરતો બેઠો હતો. છોક- રાઓ પથારીમાં સુતા હતા ને ઉંઘી ગએલા હશે પણ હૉપ સાવ જાગૃત હતો.

૬ તેણે પોતાના બાપને કેહતા સાંભળ્યું કે વખત એવો બારીક છે કે છોકરાઓ માટે મારાથી હવે વધારે દિવસ ખાવાનું મેળવી શકાશે નહીં.

૭ તેણે દિલગીરીથી કહ્યું કે તેમો કાંઈ ઉપાય નથી. છોકરાઓને ઘ-રમાં ભુખ્યા મરતા મારાથી જોવાશે નહીં. હું કાલે છોકરાઓને જંગલમાં લઈ જઇશ અને તેમને ત્યાં છોડી મુકીશ, આ સાંભળી મા રડી પડી.

૮ તે રાત્રે હૉપ ને ઉંઘ આવી નહીં તેણે જે સાંભળયું હતું તેના વિષે વિચાર કરતો તે જાગૃત રહ્યો. અજવાળું થયું કે તે તરતજ ઉઠ્યો.

૯ છાનોમાનો ઘરની બહાર જઇ તે નાળા તરફ દોડી ગયો અ-ને ધોળા કાંકરાંથી તેણે પોતાનું ખીસું ભરી કાઢયું. તે પાછો ઘેર ગયો અને બીજા કોઇ ઉઠયા પેહલા પાછો પથારીમાં સુતો. તરતજ ઘરના માણુસો ઉઠયાં.

૧૦ જ્યારે સવારનો નાસ્તો થયો ત્યારે બાપે છોકરાઓને કહ્યું કે ચાલો આપણે કામ કરવું જોઇએ. અને તેઓ બધા જંગલ તરફ ઉપડ્યા પણ હોપ બીજાઓની પછવાડે ચાલતો હતો. ને જ્યાં ત્યાં કાંકરો નાખતો હતો.

૧૧ થોડીજ વારમાં તેઓ બધા લાકડા કાંપવા લાગ્યા. કેટલીક વાર પછી બાપે છોકરાઓને કહ્યું કે આપણે કાંઈ ગમત કરીએ.

૧૨ તેઓ થાકી ગયા ત્યાં સુધી તેઓ રમ્યા. પછી તેઓ બાપને શો-ધવા લાગ્યા તે જતો રહ્યો હતો.

૧૩ છોકરાઓને બહુ બીક લાગવા લાગી પણ હૉપે કહ્યું કે મારી પછવાડે આવો હું તમને ઘેર લઇ જઇશ. હૉપે રસ્તામાં જે કાંકરાં નાખ્યા હતા તેના વડે તેઓએ રસ્તો શોધી કાઢયો ને તેઓ જંગલમાથી બહાર પડ્યા

૧૪ અને છેલ્લે જ્યારે તેઓ પોતાને ઘેર આવ્યા ત્યારે તેમને બાપ તેમને જોઇ ખુશી થયો હોય એમ જણાયું પણ તેણે મનમાં કહ્યું કે હું ફરીથી પાછું કોઇ દિવસ એવું કરીશ.

પાઠ ૩૭ મો.

૧ થોડા વખતમાં બીજો દિવસ આવ્યો, આ વખતે છોકરાઓને આડે રસ્તે જંગલમાં લઇ જવામાં આવ્યા. હૉપ પાછો બીજાઓની પાછળ ચાલવા લાગ્યો, આ વખતે તેની પાસે પથરાઓ નહોતા પણ તેણે જમીન ઉપર રોટલાના કટકા નાખ્યાં.

૨ ફરીથી એકવાર બાપે પોતાના છોકરાઓને તજ્યા. પાછો હૉપે પોતાના ભાઇઓને ઘેર લઇ જવાનો પ્રયત્ન કિધો પણ અરરે પક્ષિઓ બધા કુટકા ખાઇ ગયા હતા.

૩ રાત પડવાની તૈયારી હતી પણ નાહાનો હૉપ હિંમત હાર્યો નહીં. તે ઝાડપર ચડ્યો. અને તેણે એક દિવાનું અજવાળું દેખ્યું. તે તરફ છોકરાઓએ પોતાના રસ્તો લીધો.

૪ તે (અજવાળું) એક મોટા કિલ્લાની બારીમાંથી આવતું હતું. ત્યાં જઇ પોહોચ્યા પછી હૉપે પથરાથી તે ઘર ઠોકયું. કારણ કે કડું તેને પોહોચવાને માટે ઘણું ઉંચું હતું.

૫ એક બાઇએ મોટો દરવાજો ઉઘાડ્યો. હૉપે તેને, પોતે જંગલમાં કેવી રીતે ભૂલ્યા પડ્યા તે કહ્યું. અને ખાવા માટે ને રાતના આશ્રા માટે વિનંતી કરી.

૬ બાયડીએ માથું ધુણાવ્યું તેણે કહ્યું મારો ધણી નિર્દય રાક્ષસ છે જો તે તમને અહી દેખશે તો બધાને ખાઇ જશે.

૭ પણ હૉપે કહ્યું અરે બાઇ અમે બધા એટલા બધા ભૂખ્યા છીએ. પછી તે બાયડીને તેમની દયા આવી ને તેણે તેમને અંદર લીધા.

૮ તેઓને કિલ્લામાં પેસે ઝાઝી વાર થઇ નહીં એટલામાં તો મોટા

અવાજ સંભળાયો. "ઓ વાહાલાઓ" તે સ્ત્રીએ કહ્યું પેલો આવ્યો તે. તમે બધા ઝટ કરો પેલી પેટીની પછવાડે સંતાઈ જાઓ.

૯ તેઓએ તે પ્રમાણે કર્યું નહી એટલામાં તો રાક્ષસ અંદર દાખલ થઇ ગયો.

"અલી વાળુ માટે શું કર્યું છે"?

"ઘેટું બાફ્યું છે" સ્ત્રીએ કહ્યું.

૧૦ રાક્ષસ વાળુ કરવા બેઠો. જ્યારે તે ઘેટું ખાઇ રહ્યો ત્યારે તે વાસ લેવા મંડ્યો. પછી મોટે સાદે બોલ્યો "અહી કઇક છે. મને તાજા માંસની વાસ આવે છે.

૧૧ રાક્ષસ ઉઠ્યો ને કોટડીમાં જોતો જોતો જે મોટી પેટી પછવાડે છોકરાઓ સંતાયા (સુતા) હતા ત્યાં આવ્યો "વાહ વાહ" તે બોલ્યો "ત્યાંથી બહાર આવો" બિચારા છોકરાઓ બહાર આવ્યા. "વાહ આપણને આ શું મળ્યું" નિચે વળી તેણે હૉપ ને તેના એક ભાઇને ઉપાડી લીધો.

૧૨ "ખરેખર આ મિઠું મિઠું નહાનું સરખું ટીટ—બીટ છે" અને તે હૉપને મોઢામાં મુકવા જતો હતો એટલામાં તેની બાયડી બોલી ઉઠી "તમે આ શું કરવા માંડ્યું છે? તમે તો પેટ ભરી વાળુ કર્યું છે. કાલે હું તમારા ખાણા માટે આ છોકરાઓના સામોસા કરવાની છું"

૧૩ રાક્ષસને લાગ્યું કે સામોસા બહુ સારા થશે તેથી તેણે છોકરાઓને જવા દિધા.

૧૪ બાયડીએ પછી તેમને "જોયું હું તમને નહોતી કેહતી કે ઘરમાં ન આવો" એમ કહી એક નાહાની કોટડીમાં મુક્યા." ઠીક હવે સુઇ જાઓ.

પાઠ ૩૮ મો.

૧ બીજા દિવસનો અને પોતાનું શું થશે એ વિષેનો વિચાર આવતાં તેઓને ઉંઘ કેવી રીતે આવે ? નાહાનો હૉપ જો તે ભયંકર જગામાંથી છુટવાનો કોઈ રસ્તો હોય તો જોવા લાગ્યો.

૨ ધીમે ધીમે તેણે મોટેથી નસકોરાં બોલતાં સાંભળ્યાં રાક્ષસ ઉંઘી ગયો હતો. હવે તેમનો લાગ આવ્યો.

૩ ચંદ્રમાનું અજવાળું ઝળ હળી રહ્યું હતું. તેના અજવાળાથી પોતાનો રસ્તો શોધી કાઢયો ને સુતેલા રાક્ષસ પાસેથી ગયા. તરતજ તેઓ બહાર જંગલમાં આવ્યા. તેઓ કેવા નાઠા નાઠા ? મોટા ભાઇઓ વારા ફરતી હૉપને ઉપાડીને લઈ ગયા.

૪ જ્યારે રાક્ષસ ઉઠયો ત્યારે સામોસાના વિચારથી તેના મ્હોંએ પાણી છુટયું (તે હોટ ચાટવા લાગ્યો.) તે કાનસ લાવી પોતાના દાંતને ધાર ચડવવા લાગ્યો.

૫ પણ જ્યારે તેને માલમ પડયું કે સામોસા નાશી ગયા છે ત્યારે તે ઘણોજ ક્રોધાયમાન થયો. " મારા બુટ લાવ " તેણે પોતાની સ્ત્રીને મોટેથી કહ્યું " હું હમણાજ તે ગધેડાઓને પકડી પાડું છું. "

૬ આ બુટ જાદુઆઈ હતા. તે ગમે તેના પગે બેસતા. આ પેહરીને કોઇપણ સરલના ઘોડાની પેઠે સપાટામાં રસ્તો કાપી શકતો.

૭ પણ પરીએ રાક્ષસના બુટને કાંઇક કરી મુકયું હતું. જ્યારે તેને આ રસ્તે જવું હોય ત્યારે બુટ પેલે રસ્તે ફરી જતા. ને જ્યારે પેલે રસ્તે જવું હોય ત્યારે બુટ આ રસ્તે ફરી જતા.

૮. એમ છતાં પણ છોકરાઓની પછવાડે તે સપાટામાં પકડી પાડવા ચાલ્યો. તેઓએ તેનો મોટો શ્વાસ પોતાની પાછળ નજીકમાં સાંભળ્યો.

૯. હવે શું કરવું ? હૉપને એક ગુફા નજરે પડી. બધા છોકરાઓ તેમાં દોડી ગયા. હૉપ સંતાવા જતો હતો એટલામાં તો રાક્ષસ આવી પોહોચ્યો. તે થાકી ગયો હતો અને પોતાનું નાઠેલું ભક્ષ એટલું બધું નજીક છે એનો ભાગ્યેજ (થોડો) વિચાર કર્યા વિના તે ગુફાની પાસેજ સુતો.

૧૦. તરતજ રાક્ષસના નસકોરાથી તેમને માલમ પડ્યું (કળ્યું) કે હવે તેમનો લાગ છે. હૉપે કહ્યું "નાસો જીવ લઈને નાસો હું તમારી પહેલા ઘેર પોહોચવા ધારૂં છું." ભાઈઓને બીજી ફેરે કહેવાની જરૂર પડી નહીં.

૧૧. "મારો અંગુઠો કુદ" ગુફામાંથી ધીમે રહી બહાર નિકળ્યો તેણે એવા ધીમેથી રાક્ષસના બુટ ખેંચી લીધા. પછી તે રાક્ષસ જેવીજ મોટી મોટી છલંગો ભરતો નાશી ગયો.

પાઠ ૩૯ મો.

૧. તરતજ રાક્ષસ જાગી ઉઠ્યો. તેણે હૉપને જોયો ને તેની પછવાડે પડ્યો. તે આગળને આગળ દોડવાજ લાગ્યો. પણ હૉપ જાદુવાઇ બુટને લીધે તેનાથી દુરજ રહ્યો.

૨. રાક્ષસ હજી પણ દોડ્યાજ કરતો હતો. તે લપસ્યો ને ખડકપર પડ્યો, તે ફરીથી ઉઠ્યો નહીં. તેની ગરદન ભાંગી ગઈ ને તે મરણ પામ્યો.

૩. થોડીક છલંગોથી ને થોડાક પગલાથી હૉપ પોતાના બાપને ઘેર આવી પોહોચ્યો. તેના ભાઇઓ હજી સુધી આવી પોહોચ્યા નહોતા.

૪. હૉપે પોતાના બાપને અને માને જોડા બતાવ્યા અને તે પોતાને કેવી રીતે પ્રાપ્ત થયા તે કહી સંભળાવ્યું. તેણે રાક્ષસ વિષે અને પોતે અને પોતાના ભાઇઓ સામોસા બનવાની કેવી રીતે તૈયારીમાં હતા તે પણ કહી સંભળાવ્યું. એજ ક્ષણે તેના ભાઇઓ ઘરમાં ધસી આવ્યા. સર્વત્ર આનંદની બુમો પાડી.

૫. કેટલાક દિવસ પછી " હૉપ થમ્બે " રાજા પાસે જવાનો નિશ્ચય કિધો. તેણે રાજાને જાદુવાઈ બુટ આપીને દેશના બધા રાક્ષસોને મારી નાંખવાની વિનતી કરવા ધાર્યું. હૉપના મિત્રોએ તેની આ યુક્તિ સારી છે એમ માન્યું.

૬. હૉપ તરતજ તૈયાર થયો. તેણે જાદુવાઇ જોડા પહેરી લીધા દરવાજા આગળ તેણે જોડાને કહ્યું કે " રાજાના મેહેલ તરફ ચાલ " અને તે તરતજ ઉપડ્યા. ઘણીજ થોડીવારમાં તે ત્યાં પોહોચ્યો.

૭. રાજાના નોકરોને તેના વિષે બહુ નવાઈ લાગી. તેઓ તેની પાસે એકઠાં થયા તે તેને પ્રશ્નો પુછવા લાગ્યા. પણ હૉપને વખત ગુમાવવાનો નહોતો. તેણે તેમને પોતાને એકદમ રાજા પાસે લઇ જવા કહ્યું.

૮ હૉપે ઘણીજ નમ્રતાથી વાંકાવળી રાજાને સલામ કરી પછી તેણે રાંક્ષસ વિષે બધું કહ્યું અને બોલ્યો કે હું આશા રાખુ છું કે આપ નામદાર દેશમાંના બધા રાક્ષસોને મારી નાખવા હુકમો ફરમાવશો.

૯ પછી હૉપે જાદુવાઇ જોડા વિષે કહ્યું. રાજાએ તે કદી જોયા નહોતા પણ તેના વિષે ઘણીવાર સાંભળ્યું હતું તેણે હૉપને કહ્યું કે તે રાખવાની મારી બહુ ઇચ્છા છે. તેથી હૉપે જોડા ખેચી કાઢ્યા ને તખ્ત આગળ મુક્યા. તે તરત રાજાના પગે થાય એટલા મોટા બની ગયા.

૧૦ પછી રાજાએ હૉપને તેના કુટુંબ વિષે પુછ્યું.

" મારો બાપ કાઉન્ટ એ બી છે "

" કાઉન્ટ એ બી ? " રાજાએ કહ્યું " તે એક વખતે મારો વાહાલો મિત્ર હતો. તે હજી જીવતો છે એ સાંભળી હું ઘણો ખુશી થયો છું.

૧૧ અમીરને, તેની સ્ત્રીને અને તેના કુટુંબને મેહલમાં લઈ આવવા નોકરોને એકદમ મોકલવામાં આવ્યા. જ્યારે તેઓ આવ્યા ત્યારે રાજાએ તેમનાપર બહુ મેહરબાની બતાવી.

૧૨ તેણે દરેક ભાઇને મેહલમાં કામદાર બનાવ્યો. "હોપ થમ્બ" નામદારનો મુખ્ય હજુરી બનાવ્યો; અને રાજાને તેનાથી સારો બીજો કોઇ હજુરી કદી મળ્યો નહીં.

હોપના મા બાપો હવે ઘણા સુખી થયા. અને તેઓએ પોતાના દિવસો આનંદ ને આરામમાં ગુજાર્યા.

પાઠ ૪૦ મો.

૧ હવે હેરી ખુરશીઓ ઉંચી કરે છે. અને ફેની શાલ લાવે છે. આપણે ખલાસીઆ ખલાસીઆ રમીશું ને જાણે આપણે તોફાની પવનમાં છીએ.

૨ દેવતા જાણે આપણને કિનારા ઉપર ચેતવણી આપનાર દિવા દાંડી થશે. અને આપણે જમીન ઉપર ખડકોને માટે સ્ટુલો મુકીસું.

૩ હવે આ ખુરશી જાણે વહાણનો પાછલો ભાગ ને પેલી જાણે વાહાણની કમાન કે ક્રોડો. પણ જો જાળવજો તેનાપર બહુભાર દઇશ નહીં સમજ્યો.

૪ હવે ખલાસીઓ તે સઢ ઉંચું ખેંચો અને ખૂણાઓ અંદર બાંધો. દીક જો તારે વધારે તંગ જોઇતું હોય તો મા પાસેથી ટાંચણી માગી લાવ.

૫ હવે આપણે અસમાની સમુદ્ર વિષે કાંઇક ગાઇએ. ફીકર નહી. બાય એબી કે બીજું કાંઈ ગમે તે ચાલશે.

૬ એ ફીકરા ખલાસીઆઓ જાળવજો. ને તમે શું કરો છો તે તરફ ધ્યાન રાખો. જો તમે લથડી પડયા તો દરિઓ તમને ડુબાડશે સમજ્યા.

૭ જોયું તું પડી ગયો. હું જાણતોજ હતો કે શું થશે. મેં તને સાવધ રેહવા કહ્યું હતું. અને હવે તને વાગ્યું સમજ્યો.

૮. ઠીક કાંઇ ફીકર નહીં હવે આપણે ફરીથી ખલાસીઆ ખલાસી-આ નહીં રમીએ. આપણે ઘર બાંધવાનાં ચોસલાં લાવીશું ને જમીનપર ઘર બાંધીશું.

કવિતા.

૧

૧. અરે જે આજ વાડીમાં ઝાડપર ચડ્યો ને મારા ત્રણ નાહાના પક્ષિઓ લઇ ગયો તે કાબરચિત્રા કુડતાવાળો છોકરો ક્યાં છે? મારા સૌથી સરસ અને સૌથી વાહાલા ત્રણ નાહાના રૉબીનો જ્યારે તે લઈ ગયો ત્યારે તેઓએ ભાગ્યેજ કપડા પેહેરેલા હતા.

૨. અરે પતંગીઆ હું વિનંતી કરૂંછું કે થોડીવાર ઉભો રહે જે મારા ત્રણ નાહાના બચ્ચાઓ લઇ ગયો તે કાબરચિત્રા કુડતાવાળા છોકરાને તેં દિઠો. તેની એવી સુંદર આંખ છે ને તે એટલો બધો નાહાનો છે કે તે પાપી હોય નહીં. માત્ર ઘણો ડહ્યો નથી એટલુંજ.

૩. અરે છોકરા નાહાના કાબરચિત્રા કુડતાવાળા છોકરા જો તું આજ મારા ત્રણ રૉબીનો પાછા આપીશ તો તું તેમને લઈ ગયો હતો એ વાત હું મનમાંથી કાઢી નાંખવા પ્રયત્ન કરીશ. હું આખો દિવસ મારૂં આનંદી ગીત ગાઇશ અને તારો આ મોટો અપરાધ માફ કરીશ.

૨

૧. નાહાની બાળકી જો કદી વિચાર કરતી હોય તો મને આશ્ચર્ય લાગે છે, અને તે શા વિષે વિચાર કરતી હશે! શામાટે તે કોઇ કોઇવાર એટલી બધી રમ્ય દેખાય છે ને શામાટે કોઇકોઇવાર મ્હોં ચઢાવેલી જણાય છે!

૨. મને આશ્ચર્ય લાગે છે કે બાળકી એવો શું વિચાર કરતી હશે

કે તે આટલી બધી આનંદી બની જાય છે કે તેથી તેના ગાલ ગુલાબી બની જાય છે ને તે ઉપર એક બે ત્રણ ખાડા પડે છે.

૩. મને આશ્ચર્ય લાગે છે કે બાળકો કેવી રીતે જાણે છે કે પોતાનો સુવાનો વખત થયો, અને નમ્ર ને ગાઢ ઊંઘમાંથી ઉઠવાનો ને આંખો ચોળવાનો વખત થયો.

૪. જો દાદીના નાક ઉપર કાંઈક બેઠેલું જોઇ બાળકી હસે અને પોતાના નાનકડા ગુલાબી દશ આંગળાં ગણવાને પ્રયત્ન કરે તો મને આશ્ચર્ય લાગે છે.

૫. જ્યારે તે આરડે છે અને પોતાના હાથ લાંબા કરે છે ત્યારે તે પોતાની બાળ ભાષામાં શું કહે છે તેનું મને આશ્ચર્ય લાગે છે.

૬. જ્યારે તે મોટી થાય ત્યારે તે શું થવાનો વિચાર રાખે છે તેનું મને આશ્ચર્ય લાગે છે, અને માના હાથમાંથી કદાચ પડી જશે એની જ્યારે તે બીક રાખે છે. ત્યારે મને આશ્ચર્ય લાગે છે.

૭ આપણે નવા નાહાના ઉંઘણસી ને ગુલાબી હતા એ વિષે મને નવાઈ લાગે છે. પણ સૌથી મને એ નવાઈ લાગે છે કે બાળકી શું વિચાર કરે છે.

૩

૧ અરે હું તમને. નાહાના દશ આંગળાની, ને નાહાના દશ પગના આંગળાની, સુંદર બે આંખોની, અને એક નાહાના નાકની અને તેઓ બધા એક દિવસે ક્યાં ગયા તેની કોઇપણ નહીં જાણતું હોય એવી એક વાત કહું છું.

૨ અરે એક દિવસે નાહાના ગોળ સરખા નાંકને કાંઈક મધુર વાસ આવી. કાંઈક ખરેખર ફકડ ખાવાની વસ્તુની અને બે નાહાના પગો ઝટઝટ કોટડીમાંથી બહાર ગયા.

૩ પછી દશ આંગળીઓ ખુરશીપર ચડી. બે આંખો છાજલી ઉપર

માએ તે દિવસે બનાવેલી સુંદર ને ઠારેલી પડેલી રોટલી તરફ ટગર ટગર જોવા લાગી.

૪ ખાંડ, મસાલો ને અંજીરના સ્વાદ તરફ મ્હો વિકાસવા લાગ્યું અને આંખો મોટી થવા લાગી અને પછી તે દિવસે નાહાની દશ આંગળીઓ તે રોટલી ને ઉંડી ઉંડી ખોદવા લાગી.

૫ અને સુતી વખતે જ્યારે માએ મારા ગુચ્છાદાર વાળવાળું કપાલ સાફ કરી ચુંબન લીધું અને તેણે કહ્યું મને નવાઇ લાગે છે કે શું આજ છાજલી ઉપર ઉંદર આવ્યો હતો ?

૬ "અરે માડી હા" અને હું પરિઓના આનંદી ઘંટની પેઠે ખુબ હસી પડી. પણ આજનો છાજલી પરનો ઉંદર હું હતો.

૪

૧ નાહાના પક્ષિ સલામ આનંદી સલામ ગાતું ગાતું તું આકાશમાં ઉડી જા.

૨ ઉપર ઉડતાં પક્ષિઓને કહે કે વાડીમાંની નેલે તમને સલામ કહ્યા છે.

૩ મેં તને ઝાડમાંથી ઘાયલ થઇ પડેલું કેવી રીતે શોધી કાઢયું તે તેમને કહે કે જેઓ જ્યારે ઘાયલ થાય ત્યારે પાધરા મારી પાસે આવે.

૪ જો હું ઉડી શકત તો હું તારી સાથે આવત, ઉંચે આકાશમાં કેવી મજા આવતી હશે.

૫ કેમ નાહાના પક્ષિ તું શામાટે જતું નથી તું મારી આંગળીપર બેસી ના કહી માથું ધુણાવે છે.

૬ તે ઉડી ગયું અરે તે કેવું સપાટામાં ને આનંદથી ઉંચે ઉડ્યું હું જાણું છું કે જ્યાં જ્યાં તે જશે ત્યાં ત્યાં એ મારાપર પ્રેમ કરશે.

૭ હું જાણુ છું કારણ કે તે ખરેખર એમ કેહવાને પ્રયત્ન કરતું હોય એમ જણાયું કે મારી વહાલી નાહાની નેલી મારાથી જઇ શકાતું નથી.

૫

૧ એક ભૂખ્યા કરોળીઆએ એવા ઝીણા તાંતણાની જાળ બનાવી કે તમારી નાહાની સરખી આંગળીઓને તેનો નાજુક તાંતણો કવચિત લાગે.

જ્યાં સુધી તે જાળ પુરી થઈ ત્યાં સુધી વાંકી ચુંકી આગળ પાછળ ગોળ ગોળને ગોળ વિણ્યાજ કિધી.

૨ અરે જ્યારે તે પુરી થઇ ત્યારે તે કેવી મજાની ચળકતી જાળ બની રહી. તેને સૂર્યના તાપમાં લટકતો જોવાને બધી નાહાની માંખીઓ આવી.

ગોળ ગોળને ગોળ તેઓ જાળની ઉપર થઈ આગળ પાછળ નાચી. તેઓ કુદીને તેઓએ તાકીને જોયા કીધું.

૩ તે ભૂખ્યો કરોળીયો આનંદો નાહાની માંખીઓને બેઠો બેઠો જોતો હતો તે પોતાના માથાની ચોતરફ જોતો હતો તેને એટલી બધી આંખો હતી.

ગોળ ગોળને ગોળ આડી અવળી આમ તેમ ઉંચે નીચે તેઓ ઉડે છે.

૪ તે ભૂખ્યો કરોળીઓ કહે છે કે અરે તમે સુંદર નાહાની માંખીઓ મારી સાથે જમવા આવો મને ખાત્રી છે કે તમને મારૂં ઘર જોવાનું ગમશે. ગોળ ગોળને ગોળ આમ તેમ આડી અવળી આગળની પેઠેજ તેઓ એકવાર વધારે ઉડતી રહી.

૫ કરોળીઆનો બધારે નજદીક જવા માટે તેઓ બધી માંખીઓ ઘણી ડાહી હતી તેઓએ પોતાની પાંખો ફફડાવીને જરા મોટા ઘેરાવામાં ઉડવા લાગી.

ગોળ ગોળને ગોળ આમ તેમ આડી અવળી ફરી અને પછી દુર ઉડી ગઇ.

૬

૧ ફ્રેડીએ બોરડી ઉપર લટકતા કેટલાક પાકેલા સુંદર બોર દેખ્યા, અને તેણે કહ્યું કે "તમો સુંદર બોરો નીચે મારી પાસે નહી આવો ?"

૨ એક બોરે કહ્યું અમે તારો પ્રેમથી આભાર માનીએ છીએ. અમે તો બલેક ઉપરજ રહીશું. જો અમે આજ સવારે નીચે આવીએ તો મને બીક લાગે છે કે તું અમને ખાઇ જાય.

૩ એક સૌથી સુંદર બોર નાજુક ડાળીથી ઝોલાં ખાવાં લાગ્યું. ફ્રેડીએ કહ્યું તું ઘણું સુંદર છે. લાલ અને પાકેલું અને અરે કેટલું બધું મોટું ?

૪ "મને ઝાલ" બોરે કહ્યું "નાહાના શેઠ તારાથી ઝલાયતો મને ઝાલ" ફ્રેડીએ કહ્યું કે જો હું મોટો માણસ હત તો તને સપાટામાં ઝાલત.

૫ ફ્રેડીએ પગના આંગળા ઉપર ઉંચા થઇ કુદીને તેને પકડવાનો પ્રયત્ન કીધો. પણ બોર તેની આસપાસ નાંચવા ને હસવા લાગ્યું ને ફ્રેડીના નાકપર પછડવા લાગ્યું.

૬ નાહાના ફ્રેડીએ કહ્યું ફીકર નહીં હજીપણ હું તમને બરોબર ખાઇશજ. પણ કાળા પક્ષિએ હિમતથી સીટી ઠોકી કહ્યું કે આજ રાત્રે હું તે બધાને ખાઇ જઇશ.

૭

૧ જો હું નાહાનું પક્ષિ હોત તો હું મારૂં સૌથી મધુર ગાયન ગાત, હું આકાશમાં મુશાફરી કરત અને આખો દિવસ કુદત.

૨ જો હું મીની બિલાડી હોત તો હું કોળને ઉંદરોને પકડત ને મને વાળુ માટે કુકડ મલઈ અને દરેક સુંદર વસ્તુ મળત.

૩ જો હું નાહાનો ઉંદર હોત તો હું નરમ નવું ખમીર કરડી ખાત જ્યારે ટેબો (બિલાડી) મારી આડે ન આવત ત્યારે હું મારૂં ધાર્યું કરત.

૪ પણ હું તો નાહાનો છોકરો છું. હમણાજ શું કરવું તે શિખુ છું. અને દરરોજ મને એમ લાગે છે કે હું કાંઇક નવું જાણીશ.

૫ હું સવારમાં ઉઠું છું ને ટૉમને નેલ સાથે રમું છું. પણ જ્યારે હું તેમના જેવડો થઇશ ત્યારે તેમની પેઠેજ નિશાળે જઇશ.

૬ હું ખરેખર ઘણો નાહાનો છું પણ તે વખત ફક્ત ચાર વરસનો હઇશ. અને કોઈ દિવસે હું મોટો થઇશ અને ઘણું જાણીશ.

૮

૧ તમારાથી થાય તેટલું કરો, તમારાથી બને તેટલું કરો અને તે રોજ કરો. નાહાના છોકરાઓ અને છોકરીઓ તેજ ઘણો ડહાપણ ભરેલો રસ્તો છે.

૨ ઘેર કે નિશાળમાં તમારે ભાગે જે જે કામ આવે તે તે સારી દાનતથી બને તેટલું કરો તેજ સોનેરી નિયમ છે.

૩ જો તમને તમારો પાઠ કઠણ માલમ પડે તો દિલગીર થશો નહીં કારણ કે જે કોઈ હિંમતથી આજ કામ કરે છે તેનું કામ બીજે દિવસે સહેલું થાય છે.

૯

૧ એક નહાની છોડી ઝાડ નીચે બેસી તેની આંખે દેખાયું ત્યાં સુધી શિવ્યા કરતી હતી. પછી તેણે પોતાના કામને સાફ કરી બરોબર ઘડી કરી અને કહ્યું “ મારા વહાલા કામ રાતની સલામ રાતની સલામ.”

૨ તેના માથાઉપર, પોતાને રસ્તે સુવા જતા એટલા બધા કાગડાઓ કાકાકા કરતા આવ્યાં. તેણે તેમનું વિચિત્ર ઉડવું ધ્યાન દઇ જોયું ને કહ્યું “ નાહાના કાળા પ્રાણીઓ રાતની સલામ રાતની સલામ.

૩ ઘોડા ખોંખાર્યા, બળદો હુંબેર્યા, ઘેટાંઓ બેંબેં કરતા રસ્તાપર આવ્યા જાણે કેમ બધા ઘણા ખુશી થઇ એમ કહેતા હોય કે વાહાલી નાહાની છોડી રાતની સલામ રાતની સલામ.

૪ તેણે સૂર્ય ને જો કે અજવાળાના એક ગોળ જેવો જોયો તોપણ રાતથી સલામ કરી નહીં. કારણ કે તે જાણતી હતી કે તેને આખી પૃથ્વીપર પરમેશ્વરી વખત જાળવવાનો છે ને તે કદી સુઇ જવાનો નથી.

૫ ઉંચા ગુલાબી ફ્રૅાકસગ્લવ નામના ફુલોએ પોતાનું માથું નીચે નુ-માવ્યું વ્હાયોલેટ ફુલોએ નીચે વળી સલામ કરીને સુવા ગયા. અને ઉમ-દી લ્યુસીએ પોતાના વાળ બાંધ્યા અને ઘુંટણીએ પડી પોતાની પ્રીય સ્તુ-તી ગાઇ.

૬ અને જ્યારે તે પોતાની પથારીમાં ધીમેથી સુઇ રહી હતી ત્યારે બીજે દિવસ ઉગ્યો અને બધી વસ્તુઓએ સુંદર સૂર્યને કહવા લાગી કે સ-વારની સલામ સવારની સલામ ત્યાં સુધી કાંઇ વધારે જાણ્યું નહી.

૧૦

૧ એક તોફાની રાત્રે બે નાહાની બિલાડીઓ વઢવા લાગી ને પછી લડવા લાગી. એક પાસે એક ઉંદર હતો. ને બીજી પાસે કાંઇ નહોતું અને તેને લીધે લડાઇ શરૂ થઇ.

૨ મોટી બિલાડીએ કહ્યું "ઉંદર હું રાખીશ" તું ઉંદર રાખીશ કેમ રાખીશ તે જોઇશ" મોટીએ કહ્યું "હું ઉંદર રાખીશજ" નાહાનીએ કહ્યું "હું તને નહીજ રાખવા દઉ"

૩ મે તમને પેહેલેથીજ કહ્યું છે કે જ્યારે આ બે બિલાડીઓ લડવા લાગી ત્યારે તોફાની રાત હતી. ઘરડી ડોશીએ પોતાની સાવરણી લીધી ને તે બે નાહાની બિલાડીઓને કોટડીમાંથી બહાર હાંકી કાઢી.

૪ જમીન હિમને દવથી ઢંકાઈ ગઈ હતી ને તે નાહાની બે બિલા-ડીઓને બીજે કંઇ જવાની જગા નહોતી તેથી તેઓ ડોશીએ પોતાનું વાશીદું પુરૂં કર્યું ત્યાં સુધી દરવાજા પાસે સાદડીપર પડી રહી.

૫ પછી તેઓ બરફથી તમામ ભિંજાએલી ને બરફ જેવી ઠરી ગએલી ઉંદરની પેઠે છાની માની ઘરમાં પેઠી. કારણ કે તેઓએ વિચાર્યું કે તોફાની રાત્રે લડવા કરતા છાનામાના પડી રેહવું એ વધારે સારૂં છે.

સમાપ્ત.

જાહેર ખબર.

સોનેરી તક સોનેરી તક સોનેરી તક.

બેવડો લાભ. જુજ નકલોજ બાકી રહી છે. બેવડો લાભ.

ગુજરાતી લઘુ વ્યાકરણ.

ગુજરાતી વ્યાકરણ સાથે ઈંગ્રેજી ચોથા ધોરણ સુધીના વ્યાકરનું પણ સંપૂર્ણ જ્ઞાન થાય છે. શુંએ વખત અને પૈસાનો બચાવ નથી? કિંમત ૦–૪–૦

આ શિવાય સરકારી સ્કુલોમાં તથા કૉલેજોમાં ચાલતી તમામ ઈંગ્રેજી ગુજરાતી ફારસી સંસ્કૃત તથા ફ્રેંચ ભાષાઓના પુસ્તકોનો મોટો જથો અમારે ત્યાં હમેશા હોય છે. અમે મુંબઈના ભાવે અમે પુસ્તકો આપી ને શિવાય ભરપુર કમીશન આવીએ છીએ. દેશાવરની માંગણી ઉપર તુરત ધ્યાન આપવામાં આવે છે. વધુ માટે પત્રદ્વારા અગર રૂબરૂમાં ખુલાસો કરવો.

ધી ગુજરાત ઓરીયન્ટલ બુક ડીપો.

રીચીરોડ—અમદાવાદ.

"નિર્મળ" પ્રિન્ટિંગ પ્રેસ, મદનગોપાળની હવેલી—અમદાવાદ.